dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-345 | AD-2026, Bhadarva Sud-11 | Tuesday, Dt.22-09-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## CCTV ફૂટેજ અને અન્ય સામગ્રીના વિશ્લેષણના આધારે ચોરીની ઘટનાઓ અંગે તપાસ

# અયોધ્યા રામ મંદિરમાં ૧૦૫ વખત દાનચોરી થઈ હોવાનો ખુલાસો

નવી દિલ્હી,તા.૨૧

અયોધ્યાના રામ મંદિરમાં દાનની ચોરીના મામલે સોમવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન ઉત્તર પ્રદેશ સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે આગામી બે દિવસમાં આ કેસમાં ચાર્જશીટ રજૂ કરી દેવામાં આવશે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને જણાવ્યું હતું કે પ્રથમ ધરપકડના ૯૦ દિવસ ૨૫ સપ્ટેમ્બરે પૂર્ણ થઈ રહ્યા છે. આ પહેલાં ચાર્જશીટ રજૂ કરવામાં નહીં આવે તો આરોપીઓને ડિફોલ્ટ જામીન મળવાની શક્યતા રહે છે.

ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનની બેન્ચ સમક્ષ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે તપાસ કરી રહેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) દ્વારા તપાસનો સ્ટેટસ રિપોર્ટ સુપ્રીમ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો છે. બેન્ચે આ રિપોર્ટની માહિતી પણ જોઈ હતી.રામ મંદિરમાં દાનની ચોરી અંગેની તપાસ દરમિયાન CCTV ફૂટેજમાં ચાંદીની ચોરીની ૧૦૫ ઘટનાઓ સામે આવી હોવાની માહિતી કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ SITના સ્ટેટસ રિપોર્ટને ટાંકીને જણાવ્યું હતું કે CCTV ફૂટેજ અને અન્ય સામગ્રીના વિશ્લેષણના આધારે ચોરીની ઘટનાઓ અંગે તપાસ કરવામાં આવી છે. આરોપીઓની ઓળખ કરવા માટે CCTV ફૂટેજ ઉપરાંત સાક્ષીઓના



નિવેદનો અને અન્ય પુરાવાઓનું પણ વિશ્લેષણ કરવામાં આવ્યું હોવાનું જણાવાયું હતું. સુપ્રીમ કોર્ટ સમક્ષ તપાસ દરમિયાન અત્યાર સુધીમાં કેટલા લોકોની ધરપકડ કરવામાં આવી છે, દાનની ચોરી અંગે કયા પુરાવા મળ્યા છે અને CCTV ફૂટેજના આધારે તપાસ કેવી રીતે આગળ વધારવામાં આવી છે તેની વિગતો રજૂ કરવામાં આવી હતી. કોર્ટે આ સમગ્ર માહિતી અને સ્ટેટસ રિપોર્ટને પોતાના રેકોર્ડ પર લીધો છે. SITના રિપોર્ટમાં કિંમતી સામાનની રસીદ તૈયાર કરવાની પ્રક્રિયા અંગે પણ માહિતી આપવામાં આવી છે. રિપોર્ટ મુજબ કિંમતી સામાનની રસીદ સોફ્ટવેરની મદદથી બનાવવામાં આવે છે અને ત્યારબાદ તેને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)ના લોકરમાં રાખવામાં આવે છે. તપાસમાં CCTV ફૂટેજના આધારે ચાંદીની ચોરીની ૧૦૫ ઘટનાઓ સામે આવી હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ચઢાવાની ચોરીના મામલાની તપાસની માંગ કરતી અરજીઓ પર સુપ્રીમ કોર્ટે જુલાઈમાં કેન્દ્ર સરકાર, ઉત્તર પ્રદેશ સરકાર અને શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને નોટિસ જારી કરી હતી. અરજદારોમાં RJD સાંસદ સુધાકર સિંહ, વકીલ એન.કે. ગોસ્વામી, અજય કુમાર રાય અને હિંદુ ધર્મ પરિષદનો સમાવેશ થાય છે. અરજીઓમાં રામ મંદિર ટ્રસ્ટના નાણાંનું સંપૂર્ણ ઓડિટ કરાવવાની માંગ પણ કરવામાં આવી હતી. ગત મહિને સુપ્રીમ કોર્ટે અરજદારો અને અન્ય સંબંધિત પક્ષોને તપાસ અંગેના પોતાના સૂચનો સોલિસિટર જનરલના કાર્યાલયમાં રજૂ કરવાની મંજૂરી આપી હતી. હવે SIT દ્વારા સ્ટેટસ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો છે અને ઉત્તર પ્રદેશ સરકારે બે દિવસમાં ચાર્જશીટ રજૂ કરવાની ખાતરી કોર્ટ સમક્ષ આપી છે.

# કેરળમાં થયેલા ભારે વરસાદથી ભૂસ્ખલન અને પૂરથી પાંચ લોકોના મોત, બે ગુમ

**હવામાન વિભાગે આગામી ચાર દિવસ ભારે વરસાદની આગાહી કરી**

કોટ્ટાપુઝા,તા.૨૧

કેરળમાં અવિરત ભારે વરસાદના કારણે ભૂસ્ખલન અને અચાનક પૂરથી ભારે તબાહી સર્જાઈ છે, જેમાં ૫ લોકોના મોત થયા છે અને ૨ લોકો ગુમ છે. પરિસ્થિતિની ગંભીરતા જોઈ મુખ્યમંત્રી વી.ડી. સતીસને કલાકવાર સમીક્ષા કરવાનો આદેશ આપ્યો છે. ડીએમએ



કમિશનર વિગ્નેશ્વરીએ ઈડુક્કી અને કોટ્ટયમ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જારી કરી કલેક્ટરોને લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવા સૂચના આપી છે.મલપ્પુરમ જિલ્લાના નિલંબુર-અમ્રમ્બલમ વિસ્તારમાં કોટ્ટાપુઝા નદીમાં નહાવા પડેલા જૂથમાંથી અચાનક પૂરમાં પાંચ લોકો તણાઈ ગયા હતા. જેમાં ૨ ના મૃતદેહ મળ્યા છે, ૧ નો બચાવ થયો છે અને ૨ હજુ ગુમ છે. વાગામોનથી પરત ફરતી વખતે કોટ્ટાયમના ટીકોય પાસે ભૂસ્ખલનમાં ચેન્નઈની મહિલા સંગીતાનું મોત થયું હતું. આ ઉપરાંત, ઈડુક્કીના કોટ્ટાકમ્બુરમાં કાદવ-ભૂસ્ખલન એક શેડ પર પડતા દટાઈ જવાથી બે લોકોના મોત થયા હતા. હવામાન વિભાગે આગામી ચાર દિવસ ભારે વરસાદની આગાહી કરી છે. ઉલ્લેખનીય છે કે, ૧ જૂનથી ૧૭ સપ્ટેમ્બર દરમિયાન રાજ્યમાં ૨૮% ઓછો વરસાદ નોંધાયો છે.

# લખીમપુર ખેરીમાં ચિલ્ડ્રન્સ એકેડેમી સ્કૂલમાં ગોળીબાર કરી શિક્ષિકાની હત્યા કર્યા બાદ યુવકે આપઘાત કર્યો

લખીમપુર ખેરી, તા.૨૧

ઉત્તર પ્રદેશના લખીમપુર ખેરીના સદર કોતવાલી વિસ્તારમાં આવેલી ચિલ્ડ્રન્સ એકેડેમી સ્કૂલમાં સોમવારે સવારે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ ગોળીબારની એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. શાળામાં અચાનક થયેલા ફાયરિંગને કારણે ભારે અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી અને નિર્દોષ બાળકો ભયભીત થઈ ગયા હતા. આ દુર્ઘટનામાં એક મહિલા શિક્ષિકા અને ગોળીબાર




કરનાર યુવક બંનેના સ્થળ પર જ મોત નિપજ્યા છે.

પ્રારંભિક તપાસ અનુસાર, નૌરંગાબાદનો રહેવાસી સઈદ અંસારી હાથમાં પિસ્તોલ લઈને શાળાના પ્રથમ માળે પહોંચ્યો હતો. તેણે વર્ગખંડ બહાર કોરિડોરમાં હિદાયત નગરની રહેવાસી શિક્ષિકા નિશાત ફાતિમા પર ગોળી ચલાવી હતી. ત્યારબાદ તેણે પોતાની જાત પર પણ ગોળી ચલાવી આત્મહત્યા કરી લીધી હતી. પ્રાથમિક દ્રષ્ટિએ આ મામલો પ્રેમ પ્રકરણ અથવા અંગત વિવાદ સાથે જોડાયેલો હોવાનું માનવામાં આવી રહ્યું છે.

ઘટનાની જાણ થતાં જ પોલીસ અધિક્ષક ડૉ. ખ્યાતિ ગર્ગ, પોલીસ દળ અને ફોરેન્સિક ટીમ સાથે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પોલીસે શાળાના સ્ટાફની પૂછપરછ શરૂ કરી વધુ તપાસ હાથ ધરી છે. સુરક્ષાના ભાગરૂપે તમામ બાળકોને સુરક્ષિત રીતે ઘરે મોકલી દેવાયા હતા.

# બંગાળની ખાડીમાં લો પ્રેશરથી ત્રણ રાજયમાં ચક્રવાતની શક્યતા

નવી દિલ્હી,તા.૨૧


બંગાળની ખાડીમાં આગામી દિવસોમાં નવું ચક્રવાતી વાવાઝોડું સર્જાવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. ઉત્તરીય અંદમાન સમુદ્ર અને બંગાળની ખાડીમાં લો પ્રેશરનું ક્ષેત્ર બની રહ્યું છે, જે સોમવારે વધુ મજબૂત બની શકે છે. આ સિસ્ટમ વધુ વિકસે તો આગામી અઠવાડિયે વર્ષનું પ્રથમ ચક્રવાતી વાવાઝોડું 'અર્નબ' સર્જાઈ શકે છે. તેની અસર પશ્ચિમ બંગાળ, ઓડિશા અને આંધ્રપ્રદેશમાં જોવા મળવાની શક્યતા છે. જોકે, લો પ્રેશર ચક્રવાતમાં પરિવર્તિત થશે કે નહીં તે અંગે હાલ સ્થિતિ સંપૂર્ણપણે સ્પષ્ટ નથી અને આ માત્ર હવામાનના પૂર્વાનુમાન પર આધારિત છે. ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર એલર્ટ જાહેર કરવામાં આવ્યું નથી. જો ચક્રવાત સર્જાશે તો તે આ વર્ષનું પ્રથમ વાવાઝોડું બની શકે છે.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
મંગળવાર, તા.૨૨-૦૯-૨૦૨૬


# વડિયામાં વરસાદથી ખેડૂતોના પાથરા તણાતા નુકસાન

**નબળા ઉત્પાદન વચ્ચે વરસાદે ખેડૂતોની મુશ્કેલીમાં વધારો કર્યો**

અમરેલી,તા.૨૧

વડિયા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી મેઘરાજા મહેરબાન બની રહ્યા છે. ખેતી ક્ષેત્રમાં કપાસ, મગફળી અને સોયાબીન જેવા પાકોને પાણીની જરૂરિયાત હોવાથી વરસાદ વરસતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. જોકે, બીજી તરફ અચાનક અને ધોધમાર વરસાદને કારણે કેટલાક ખેડૂતો માટે મુશ્કેલી પણ ઊભી થઈ છે. વડિયા વિસ્તારમાં રવિવારે બપોરે આશરે એક વાગ્યાના સમયગાળા દરમિયાન ધોધમાર વરસાદ વરસ્યો હતો. હાલ અનેક ખેડૂતોએ આગોતરી મગફળી ઉપાડી લીધી છે, પરંતુ આ વર્ષે અપેક્ષા કરતાં નબળું ઉત્પાદન થવાની સ્થિતિ વચ્ચે અચાનક પડેલા વરસાદે ખેડૂતોની મુશ્કેલીમાં વધારો કર્યો છે.

ખેતરોમાં ઉપાડેલી મગફળીના પાથરા પાડવામાં આવ્યા હતા, ત્યારે વરસાદ ખાબકતાં આ પાથરા પલળી ગયા હતા. જેના કારણે મગફળીની સાથે ચારા અને અન્ય ખેતી સામગ્રીને પણ નુકસાન થતું જોવા મળ્યું હતું.


તસવીર : મયુર પંડ્યા

ખાસ કરીને વડિયાના ઢોળવા રોડ આસપાસના વિસ્તારમાં ટૂંકા સમયગાળામાં એકાએક ભારે વરસાદ પડતાં ખેતરોમાં પડેલા મગફળીના પાથરા વરસાદી પાણીના પ્રવાહમાં તણાઈ ગયા હતા. વરસાદી પાણી સાથે પાથરા તણાઈ જતાં ખેડૂતોને ભારે નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. મહેનત કરીને તૈયાર કરેલા પાકને બચાવવા માટે ખેડૂતોએ દોડધામ કરી હતી, પરંતુ પાણીના ભારે પ્રવાહ સામે તેમની મહેનત નિષ્ફળ જતી જોવા મળી હતી.

એક તરફ વરસાદથી કપાસ, મગફળી અને સોયાબીન જેવા ઉભા પાકોને જરૂરી પાણી મળતાં ખેડૂતોમાં રાહત અને ખુશી જોવા મળી રહી છે, તો બીજી તરફ આગોતરી મગફળી ઉપાડી ચૂકેલા ખેડૂતોને વરસાદના કારણે નુકસાન વેઠવું પડી રહ્યું છે. ખાસ કરીને ખેતરમાં પાથરા સ્વરૂપે રાખેલી મગફળી પલળી જવાથી તેની ગુણવત્તા અને ઉત્પાદન ઉપર પણ અસર થવાની ભીતિ ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. વડિયા પંથકમાં હાલ વરસી રહેલા વરસાદને લઈને ખેડૂતોમાં મિશ્ર લાગણી જોવા મળી રહી છે. ખેતી માટે વરસાદ આશીર્વાદરૂપ બન્યો છે, પરંતુ અચાનક પડેલા ધોધમાર વરસાદે કેટલાક ખેડૂતોની તૈયાર ઉપજને નુકસાન પહોંચાડતાં તેમના મોઢે આવેલો કોળિયો છીનવાયો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

# લીલીયા ખાતે અમૃતબા વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજાયું

અમરેલી, તા.૨૧

લીલીયામાં પટેલ સમાજની વાડી ખાતે શૈક્ષણિક વર્ષ ૧૯૭૭-૭૮માં અમૃતબા વિદ્યાલયમાં અભ્યાસ કરનાર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું 'વિસરાયેલ મિત્રતા' સંમેલન યોજાયું હતું. પી.ડી. કણવાણી અને ભાનુભાઈ કાલાવડિયાની અધ્યક્ષતામાં યોજાયેલા આ સંમેલનમાં ૨૦૦થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. વર્ષો બાદ મળેલા મિત્રોએ જૂની યાદો તાજી કરી હતી.કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. ભાનુભાઈ કાલાવડિયા, પીઢ શિક્ષણવિદ જયંતીભાઈ, આર. બી. પાઠક, પી.વી. ત્રિવેદી અને આર.પી. દવે સહિતના આગેવાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરાયું હતું. ચાર દાયકાથી વધુ સમય બાદ અમૃતબા વિદ્યાલયના વિદ્યાર્થીઓ એકઠા થતાં સમગ્ર વાતાવરણ લાગણીસભર બની ગયું હતું. દાયકાઓ પછી સહપાઠીઓને મળીને સૌએ એકબીજાના ખબરઅંતર પૂછ્યા અને શાળાજીવનના મીઠા સંસ્મરણો વાગોળ્યા હતા. આ મિલનથી સૌના ચહેરા પર આનંદ છલકાતો જોવા મળ્યો હતો.



# ખીજડીયા જંકશન ગામે તૂફાન ગાડીમાંથી ભારતીય બનાવટના અંગ્રેજી દારૂની ૪૪૦ બોટલ ઝડપાઈ

અમરેલી, તા. ૨૧

ખીજડીયા જંકશન ગામે તૂફાન ગાડીમાંથી ભારતીય બનાવટના અંગ્રેજી દારૂની ૪૪૦ બોટલ ઝડપાઈ હતી. હાલ અડતાળા ગામે રહેતો મૂળ મધ્યપ્રદેશનો જામસિંહ સુમલાભાઈ પચાયા (ઉં.વ.૨૧) તૂફાન ગાડી લઈને નીકળ્યો હતો. તેને અટકાવી તલાશી લેતાં ભારતીય બનાવટના વિદેશી દારૂની ૪૪૦ બોટલ મળી આવી હતી. પોલીસે તૂફાન ગાડી, દારૂની બોટલો અને બે મોબાઈલ મળી કુલ રૂ. ૨,૯૪,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.આ ઉપરાંત, જિલ્લામાં ૫ સ્થળેથી ૧૩ લીટર દેશી દારૂ પકડાયો હતો. પીઠવાજાળ ગામથી વિઠ્ઠલપુર ખંભાળીયા ગામ જવાના રસ્તે ગૌચરમાંથી દેશી દારૂ બનાવવાનો ૪૫૦ લીટર આથો તથા દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ હતી. પોલીસે બાઈક, દેશી દારૂ, આથો અને ભઠ્ઠીના સાધનો મળી કુલ રૂ. ૩૬,૮૮૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.



## બગસરામાં વિવેકાનંદ ગૃપ દ્વારા ગણેશોત્સવમાં મહાઆરતી



બગસરામાં વિવેકાનંદ ગૃપ દ્વારા ગણપતિ ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રવિવારે નાસિક ઢોલના તાલે મહાઆરતી યોજાઈ હતી. આ તકે રાજકીય, સામાજિક આગેવાનોની સાથે આસપાસના રહીશોએ બહોળી સંખ્યામાં હાજરી આપી દુંદાળા દેવની આરતી ઉતારી હતી.

# સા.કુંડલાની કબીર ટેકરી આશ્રમ ખાતે ગુરૂવારે નેત્ર નિદાન કેમ્પ

સાવરકુંડલા તા.૨૧

સાવરકુંડલા ખાતે કબીર ટેકરી આશ્રમમાં લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સિટી), ભુરખીયા ચેરીટેબલ ટ્રસ્ટ, સદ્ગુરુ કબીરસાહેબ સેવા ટ્રસ્ટ અને નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સુદર્શન નેત્રાલયના સંયુક્ત ઉપક્રમે રમાબેન અનિલભાઈ પારેખ પરિવારના સહયોગથી ૨૪ સપ્ટેમ્બરે સવારે ૮થી બપોરે ૧૨ વાગ્યા સુધી વિનામૂલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ યોજાશે. નિષ્ણાત ડોકટરો દ્વારા આંખના રોગોનું નિદાન અને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન સાથે નેત્રમણી બેસાડવામાં આવશે. દર્દીઓને આવવા-જવા, રહેવા, જમવા અને દવાની સુવિધા વિનામૂલ્યે મળશે. જરૂરિયાતમંદોને રાહતદરે ચશ્મા અપાશે. આધારકાર્ડ અથવા ચૂંટણીકાર્ડની ઝેરોક્સ તથા દવાનો રિપોર્ટ લાવવાનો રહેશે.

# બાબરાના અમરાપરામાં લાયબ્રેરીનું ખાતમુહૂર્ત

બાબરા,તા.૨૧

બાબરા તાલુકાના અમરાપરા ગામે વિકાસકાર્યોમાં વધુ એક ઉમેરો થયો છે. અમરાપરા પે-સેન્ટર શાળાના ગ્રાઉન્ડ ખાતે રૂ.૩૦ લાખના ખર્ચે આધુનિક લાયબ્રેરીનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ગ્રામ પંચાયતના સરપંચ અશોકભાઈ અસલાલીયા તથા સભ્યોના પ્રયાસોથી રાજ્યસભાના સાંસદ સવજીભાઈ ધોળકિયા દ્વારા લાયબ્રેરી ફાળવવામાં આવી છે. આધુનિક સુવિધાઓથી સજ્જ લાયબ્રેરી બનવાથી વિદ્યાર્થીઓ, યુવાનો અને પુસ્તકપ્રેમીઓમાં આનંદની લાગણી જોવા મળી હતી. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને પણ તેનો લાભ મળશે. ખાતમુહૂર્ત પ્રસંગે તાલુકા પંચાયત સભ્ય અજીતભાઈ ખોખરીયા, જિલ્લા પંચાયત ચેરમેન અમરશીભાઈ વાઘેલા, ભરતભાઈ ભારદીયા, રાજુભાઈ સોરઠીયા, રઘુભાઈ ભરવાડ, ગભાભાઈ ભરવાડ, મધુભાઈ ખોખરીયા, શિક્ષક સ્ટાફ, વાંડલીયા સરપંચ લલિતભાઈ વેકરીયા સહિત આગેવાનો, ગ્રામજનો અને શિક્ષણપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.


તસવીર : વિજય માળી

# અમરેલીમાં એન્જિનિયર્સ ડે નિમિત્તે બ્રહ્માકુમારીઝ દ્વારા વિવિધ વિભાગોના ૫૦ એન્જિનિયર્સનું સન્માન

અમરેલી,તા.૨૧

અમરેલીમાં બ્રહ્માકુમારીઝ દ્વારા એન્જિનિયર્સ ડે નિમિત્તે સરકારી તેમજ ખાનગી સંસ્થાઓમાં કાર્યરત ૫૦ એન્જિનિયર્સનું તેમની ઓફિસમાં જઈને ઈશ્વરીય સન્માન કરવામાં આવ્યું હતું. આર.એન્ડ બી., પંચાયત બાંધકામ, સિંચાઈ શાખા, પીજીવીસીએલ તથા વિવિધ આર્કિટેક્ચરલ સંસ્થાઓના એન્જિનિયર્સને ચંદન તિલક, ખેસ, ઈશ્વરીય ભેટ, પ્રભુ વરદાન અને પ્રસાદ અર્પણ કરવામાં આવ્યા હતા. ગીતાબહેન, કિંજલબેન અને મિતલબેને જણાવ્યું હતું કે સાયન્સ અને સાયલન્સની શક્તિ ભેગી મળીને અશક્યને શક્ય બનાવી શકે છે. ટેકનોલોજી સાથે આધ્યાત્મિકતા જોડાય ત્યારે રાષ્ટ્રનિર્માણને સાચી દિશા મળે છે. તમામ એન્જિનિયર્સના જીવનમાં શાંતિ, સુખ અને સફળતાની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આયોજનને સફળ બનાવવામાં આઈ.પી. બારડ અને વિમલભાઈ શેઠે મહત્વની ભૂમિકા ભજવી હતી.



# સા.કુંડલાની કાણકીયા કોલેજમાં વિદ્યાર્થીઓને CPR તાલીમ અને થેલેસેમિયા અંગે જાગૃતિ

સાવરકુંડલા,તા.૨૧

સાવરકુંડલા ખાતે વી.ડી. કાણકિયા આર્ટ્સ અને એમ.આર. સંઘવી કોમર્સ કોલેજમાં રેડક્રોસ સોસાયટીની સાવરકુંડલા શાખાના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓ માટે CPR તાલીમ અને થેલેસેમિયા જાગૃતિ સેમિનાર યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત સર્વધર્મ પ્રાર્થનાથી થઈ હતી. પ્રિન્સિપાલ ડૉ. એસ.સી. રવિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ટ્રેનર મેહુલ વ્યાસે CPR અને રિકવરી પોઝિશનની સૈદ્ધાંતિક તથા પ્રેક્ટિકલ તાલીમ આપી હતી. ડૉ. રવિયાએ થેલેસેમિયા ટેસ્ટનું મહત્વ સમજાવ્યું હતું. દાતાઓની સહાયથી ટેસ્ટ નિઃશુલ્ક રહેશે. ૨૬ સપ્ટેમ્બરે કોલેજ ખાતે મેગા કેમ્પ યોજાશે. કાર્યક્રમમાં ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા.












## અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક શરાફી સહકારી મંડળીનું

# રાજયમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે 'સારસ્વત ભવન'નું લોકાર્પણ

અમરેલી તા.૨૧











અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લિમિટેડ દ્વારા નિર્મિત નવનિર્મિત 'સારસ્વત ભવન'ના લોકાર્પણ સમારોહ તેમજ મંડળીની ૯૮મી વાર્ષિક સાધારણ સભા તા.૨૦ સપ્ટેમ્બર, રવિવારના રોજ હર્ષોલ્લાસ અને ભવ્યતા સાથે યોજાઈ હતી. કાર્યક્રમમાં ૧૬૦૦થી વધુ શિક્ષક સભાસદોએ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી.

સમારોહના અધ્યક્ષસ્થાને ગુજરાત સરકારના ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરિયા ઉપસ્થિત રહ્યા હતા અને તેમના હસ્તે 'સારસ્વત ભવન'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. પ્રસંગે કૌશિકભાઈ વેકરિયાએ મંડળીના નમૂનેદાર અને પારદર્શક વહીવટની પ્રશંસા કરી પ્રમુખ ધીરુભાઈ કોટડીયા, ઉપપ્રમુખ પ્રતાપભાઈ બસિયા તથા સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા. સાધારણ સભાના પ્રથમ સત્રની અધ્યક્ષતા પ્રમુખ ધીરુભાઈ કોટડીયાએ કરી હતી. સ્વાગત પ્રવચનમાં તેમણે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન મંડળીમાં કરવામાં આવેલા વિવિધ સુધારા તથા પારદર્શક વહીવટી પ્રક્રિયાઓની માહિતી આપી હતી. મંડળીના વિકાસકાર્યો અને સક્ષમ નેતૃત્વને સભાસદોએ કરતાલ ધ્વનિથી વધાવી લીધું હતું. કાર્યક્રમ દરમિયાન નિવૃત્ત થઈ રહેલા ૫૧ શિક્ષક સભાસદ ભાઈઓ-બહેનોનું કિંમતી ભેટ આપી ભાવભીનું સન્માન કરી વિદાયમાન કરવામાં આવ્યું હતું. ભોજનના સૌજન્યદાતા તરીકે નીલકંઠ જ્વેલર્સના કેતનભાઈ ધોળકિયાએ સેવા આપી હતી. સમારોહમાં ધારાસભ્ય જે.વી. કાકડિયા, ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળિયા, સંજયભાઈ તારપરા, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ મહાવીર બાપુ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મિયાણી, કનુભાઈ કરકર, ભીખુભાઈ ધોરાજિયા, ઉદયભાઈ દેસાઈ સહિતના મહાનુભાવો અને વિવિધ તાલુકાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ શિક્ષક સંગઠનોના જિલ્લા પ્રમુખો અને મંત્રીઓ રજનીભાઈ મકવાણા, રસિકભાઈ મહેતા, પ્રવીણભાઈ કસવાળા, ભરતભાઈ બાવીશી, જે.પી. ભાસ્કર, મુકુંદભાઈ મહેતા, પરેશભાઈ રાઠોડ અને તુલસીભાઈ મકવાણા સહિતના અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન ભરતભાઈ બાવીશી, સંજયભાઈ વસાણી હરેશભાઈ રૂપાલા અને ભાવેશભાઈ આખજાએ કર્યુ હતુ. કારોબારી સભ્યો હિતેષભાઈ સોરઠીયા,રસિકભાઈ મહેતા, ગિરિરાજભાઈ આસોદરિયા, મનસુખભાઈ વસ્તાણી, દિનેશભાઈ રાખોલીયા, હિરેનભાઈ પટેલ,ચંદુભાઈ સાવલિયા એજન્ડા મુજબ ઠરાવ રજુ કર્યા હતા, કારોબારી સભ્યો ધીરુભાઈ હુંમર, વિજયભાઈ સેંજલિયા, વિપુલભાઈ ત્રિવેદી વગેરેએ મહેમાનોનું સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે મંડળીના પૂર્વ પ્રમુખ ગોરધનભાઈ સુરાણી, રામકુભાઈ વાળા, આનંદભાઈ ભટ્ટ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. TPEO ભગીરથભાઈ ગોહિલ અને ટીમ ધારીએ રસોડા વિભાગની કામગીરી નિભાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### ૯૮મી વાર્ષિક સાધારણ સભામાં ૧૬૦૦થી વધુ સભાસદોની ઉપસ્થિતિ, ૫૧ નિવૃત્ત શિક્ષક સભાસદોનું સન્માન

# રાજુલા એચ.બી.સંઘવી મહિલા કોલેજમાં તેજસ્વી વિદ્યાર્થીનીઓને શિષ્યવૃત્તિના ચેક અપાયા

રાજુલા,તા.૨૨


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા એજ્યુકેશનલ ટ્રસ્ટ સંલગ્ન એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજ ખાતે ગાંધી ચેરીટી ટ્રસ્ટ દ્વારા આર્થિક રીતે નબળી અને તેજસ્વી વિદ્યાર્થીનીઓને શિષ્યવૃત્તિના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં દિલીપભાઈ લહેરી, અનંતભાઈ મહેતા સહિત ટ્રસ્ટીઓ તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય ડો. રીટાબેન રાવળે સ્વાગત કરી જગદીશભાઈ ગાંધીના કન્યા કેળવણીના હેતુને યાદ કર્યો હતો. ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીનીઓને જ્ઞાન, વિજ્ઞાન અને આધુનિક ટેકનોલોજીનો લાભ લઈ સ્વાવલંબી બનવા તથા વાંચનનો શોખ જાળવવા અનુરોધ કર્યો હતો. વિદ્યાર્થીનીઓએ ટ્રસ્ટનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ખાંભા તાલુકા મથકે સુવિધાઓના અભાવે ગ્રામજનોમાં ફેલાયો રોષ

**એસ.ટી. ડેપો, સરકારી હોસ્પિટલ, પોલીસ સ્ટાફ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની ૫૬ ગામોના ગ્રામજનોની માંગ**

ખાંભા,તા.૨૧

ખાંભા તાલુકાના ૫૬ ગામોના મુખ્ય મથક ખાંભામાં અનેક જરૂરી સુવિધાઓ અને સગવડતાના અભાવે ગ્રામજનો પરેશાન થઈ રહ્યા છે. સ્થાનિક ધારાસભ્ય જે.વી. કાકડિયા, સાંસદ ભરત સુતરિયા તેમજ જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની રજૂઆત કરવામાં આવી છે. ખાંભામાં આજે પણ એસ.ટી. ડેપો કાર્યરત નથી. ૨૫ વર્ષ પહેલાં બનાવાયેલ ડેપોનું મકાન પણ જર્જરિત થઈ ગયું છે. સરકારી શાળા, સારી સરકારી હોસ્પિટલ, ખેતીલક્ષી સહાય અને માર્ગદર્શન માટે પૂરતો સ્ટાફ તેમજ ગ્રામ સેવકોનો અભાવ છે. પોલીસ સ્ટેશન હેઠળની ચાર પોલીસ ચોકીઓ પણ સુરક્ષા માટે અપૂરતી હોવાનું ગ્રામજનોનું કહેવું છે.

તાલુકા મથકે સરકારી કોલેજ સહિતની જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની માંગ ઉઠી છે.

# બગસરા તાલુકા પંચાયત પ્રમુખ ફોનમાં ખેડૂત અગ્રણી સાથે ઉધ્ધત વર્તન કરતા હોવાનો ઓડિયો વાયરલ

**વાયરલ થયેલા ઓડીયોને લઈ સમગ્ર પંથકમાં ચર્ચા**

બગસરા તા.૨૧

સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા એક ઓડિયોને લઈને સ્થાનિક સ્તરે તેમજ ખેડૂત આલમમાં ચર્ચા જાગી છે. વાયરલ ઓડિયોને આધારે તાલુકા પંચાયત પ્રમુખે એફ.પી.ઓ.ના ઓર્ગેનાઈઝર તથા ખેડૂત અગ્રણી સાથે ફોન પર અશોભનીય અને ગાળાગાળીભરી ભાષામાં વાત કરી હોવાનો આક્ષેપ થયો છે. ખેડૂતો માટે યોજાયેલા તાલીમ કાર્યક્રમમાં આમંત્રણ ન મળતાં આ સમગ્ર વિવાદ સર્જાયો હોવાનું જાણવા મળ્યું છે.

ખેડૂત અગ્રણીના જણાવ્યા મુજબ, આ કાર્યક્રમ સરકારી ન હતો, પરંતુ ખેડૂતોને માર્ગદર્શન આપવા માટે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મિત્ર તરીકે ભાજપના પ્રદીપભાઈ ભાખરને ઉપસ્થિત રાખવામાં આવ્યા હતા. આ બાબતને લઈને તાલુકા પંચાયત પ્રમુખે ઉગ્ર વર્તન કર્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. વધુમાં બિયારણ વેચવા તેમજ મીટિંગ કરવા અંગે ધમકી આપવામાં આવી હોવાનો પણ ખેડૂત અગ્રણીએ આક્ષેપ કર્યો છે. જોકે, સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા ઓડિયોની સત્યતા અંગે સ્વતંત્ર રીતે કોઈ પુષ્ટિ થઈ નથી.

# રાજુલામાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ભવ્ય ગણપતિ મહોત્સવ યોજાયો

રાજુલા,તા.૨૧


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા શહેરમાં પોલીસ સ્ટેશન નજીક વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ભવ્ય ગણપતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ઉત્સવ દરમિયાન દરરોજ વિવિધ સમાજના લોકોને આમંત્રિત કરી સાંજે આરતીનું આયોજન કરવામાં આવે છે. આજે રાજુલા શહેરના પત્રકારોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. જેમાં કનુભાઈ વરુ, ગોપાલભાઈ રાઠોડ, ભુપતભાઈ જોશી સહિતના વરિષ્ઠ પત્રકારોએ હાજરી આપી આરતી ઉતારી હતી. આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ભગવાન રામનો ફોટો આપી પત્રકારોનું સન્માન કરવામાં આવ્યું હતું. મહોત્સવ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે.

# સા.કુંડલાની કે.કે.હાઈસ્કૂલ ખાતે સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા યોજાઈ




અમરેલી,તા.૨૧

સાવરકુંડલા ખાતે કે.કે. હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને રાષ્ટ્રીય વારસા પ્રત્યે જાગૃતિ કેળવવાના હેતુથી 'ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા-૨૦૨૬'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્ય ચેતનકુમાર ગુજરીયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલી પરીક્ષામાં શાળાના કુલ ૮૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓએ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓ અંગેના વિવિધ વિષયોનું જ્ઞાન મેળવવાની સાથે પોતાની સમજણ પણ કસોટી પર ચકાસી હતી.


**શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ PTC મહિલા કોલેજ અમરેલી**
**શ્રીમતી સી. જી. ઝાલાવાડીયા PTC મહિલા કોલેજ અમરેલી**
★ LPT - PTC કોલેજ ગુજરાતી મિડીયમ છે. અને CGZ - PTC કોલેજ ઈંગ્લીશ મિડીયમ છે. – બન્ને કોલેજમાં પ્રવેશ મળશે................(વ્યાજબી ફી માળખુ)
★ કેમ્પસમાં ગર્લ્સ માટે KG થી PG સુધીની સ્કૂલ – કોલેજ – હોસ્ટેલ ની બન્ને મિડીયમ માં વ્યવસ્થા છે. • સુવ્યવસ્થીત શિક્ષણ આપી શૈક્ષણિક કારકિર્દી નું ઘડતર થાય છે..............................(બોર્ડ – યુનિવર્સિટી ઉચ્ચ પરિણામ)
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ અમરેલી
સ્થળ:– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી
- Ad148




અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
**સંજય ટાયર્સ**
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.



**શું તમને સાંભળવાની તકલીફ છે ?**
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વૉટરપ્રુફ
રિચાર્જેબલ | બ્લુટૂથ ટેકનોલોજી | AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ ક્વૉલિટી | વ્યાજબી કિંમત

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
**અવતાર**
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363



**ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર**
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા

ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADDRESS : સાવરકુંડલા ચોકડી, રીંગ રોડ, RTO Office ની બાજુમાં, અમરેલી - 365601.

# અમરેલી જિલ્લા-તાલુકા પેન્શનર મંડળની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લા-તાલુકા પેન્શનર મંડળની વર્ષ ૨૦૨૫-૨૬ની વાર્ષિક સાધારણ સભા તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ અમરેલીની કપોળ મહાજન વાડી ખાતે યોજાઈ હતી. બહોળી સંખ્યામાં પેન્શનરોની ઉપસ્થિતિમાં ગોરધનભાઈ સુરાણીના અધ્યક્ષસ્થાને દીપ પ્રાગટ્ય દ્વારા સભાની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે અમરેલી જિલ્લાના તમામ તાલુકા પેન્શનર મંડળના પ્રમુખો તથા ઉપસ્થિત પેન્શનરોનું મહામંત્રી ઘનશ્યામભાઈ સોરઠીયાએ સ્વાગત કર્યું હતું. સભામાં ગત વર્ષની કાર્યવાહી નોંધ તથા વાર્ષિક હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા. બંને બાબતોને સભા સમક્ષ વંચાણમાં લીધા બાદ હાથ ઊંચા કરીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. આ પ્રસંગે ટાટા એઆઈએ લાઈફના ગુજરાત વડા ભટ્ટ તથા ક્લસ્ટર





વડા વસાવડાએ પેન્શનરોને નિવૃત્તિ બાદ પણ વિવિધ પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા રહેવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા તથા પંજાબ નેશનલ બેંકના મેનેજરોએ પણ પેન્શનરોને બેંકિંગ સેવાઓ સહિત વિવિધ ઉપયોગી બાબતો અંગે માર્ગદર્શન આપ્યું હતું.અમરેલી જિલ્લા પેન્શનર મંડળના આમંત્રણને માન આપી અમરેલીના ધારાસભ્ય તથા રાજ્યના ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરિયા ઉપસ્થિત રહ્યા હતા. પોતાના ઉદબોધનમાં તેમણે જણાવ્યું હતું કે, પેન્શનરો એવા વડીલો છે જેમણે પોતાની સેવા દરમિયાન રાજ્ય અને સમાજના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું છે. તેમના અનુભવો આવનારી પેઢી માટે હંમેશા માર્ગદર્શક બની રહેશે.

સભાના એજન્ડા મુજબ જિલ્લા પ્રમુખ રાજુભાઈ મહેતા અને મહામંત્રી ઘનશ્યામભાઈ સોરઠીયાએ બંને હોદ્દા પરથી સ્વેચ્છાએ મુક્ત થવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. મંડળની જવાબદારી હવે અન્ય અનુભવી અને કાર્યકુશળ વ્યક્તિઓ સંભાળે તેવી જાહેરાત કરવામાં આવી હતી. જોકે, સભાના અધ્યક્ષ ગોરધનભાઈ સુરાણી, ઉપસ્થિત તમામ તાલુકા પ્રમુખો તથા પેન્શનરોએ હાથ ઊંચા કરીને બંને હોદ્દામાં કોઈ ફેરફાર ન કરવાની વિનંતી કરી હતી. અંતે બંનેને તેમના હોદ્દા પર ચાલુ રાખવાનો સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ, મહામંત્રી તથા કારોબારી સભ્યોએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન નિખિલભાઈ પારેખે કર્યું હતું.

## બગસરામાં નંદલાલભાઈ બામટાની અંતિમયાત્રામાં અનેક લોકો જોડાયા

બગસરા તા.૨૧



તસવીર : હાર્દિક બામટા

રાજગોર બ્રાહ્મણ સમાજના મોભી નંદલાલભાઈ દલપતભાઈ બામટા (ઉં.વ.૬૩)નું ટૂંકી બીમારી બાદ નિધન થયું હતું. તેઓ સમસ્ત બ્રહ્મ સમાજના મંત્રી તરીકે નિસ્વાર્થ સેવા આપતા હતા અને સ્વામિનારાયણ મંદિર ટેમ્પલ બોર્ડના ચેરમેન તરીકે પણ લાંબો સમય સેવા આપી હતી. તેમની અંતિમયાત્રામાં સ્વામિનારાયણ સંતો, સૌરાષ્ટ્રભરના હરિભક્તો, વિવિધ સંસ્થાના આગેવાનો અને બ્રહ્મ સમાજ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## વડીયાની સદગુરુનગર પ્રા. શાળામાં ૧૦૮-૧૧૨ ઈમરજન્સી સેવા અંગે માર્ગદર્શન

વડીયા, તા.૨૧

વડીયાની સદગુરુનગર પ્રાથમિક શાળામાં આશરે ૧૮૦ વિદ્યાર્થીઓને ૧૦૮ એમ્બ્યુલન્સ તથા ૧૧૨ ઈમરજન્સી સેવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને ઈમરજન્સી પરિસ્થિતિમાં ૧૦૮ અને ૧૧૨ સેવાનો ક્યારે અને કેવી રીતે ઉપયોગ કરવો તેની માહિતી અપાઈ હતી. ઉપરાંત



એમ્બ્યુલન્સમાં ઉપલબ્ધ વિવિધ દવાઓ, મેડિકલ સાધનો અને ઈક્વિપમેન્ટ અંગે પ્રત્યક્ષ માહિતી આપી તેના ઉપયોગ અંગે સમજણ આપવામાં આવી હતી. ઈમરજન્સીના સમયે ગભરાયા વગર યોગ્ય રીતે મદદ મેળવવા અંગે પણ માર્ગદર્શન અપાયું હતું. કાર્યક્રમમાં ૧૦૮ સેવાના EMT રોહિતભાઈ અને હર્ષદભાઈ તેમજ પાયલોટ ભરતભાઈ જેબલિયા ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

## અમરેલી જિલ્લામાંથી વધુ બે યુવતીઓ ઘરેથી ચાલી નીકળી

અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લામાંથી વધુ બે યુવતીઓ ઘરેથી ચાલી નીકળી હોવાના બનાવો સામે આવ્યા છે. જાફરાબાદના મીઠાપુર ગામે રહેતા કરસનભાઈ ગભાભાઈ રાઠોડે જાહેર કર્યા મુજબ, તેમની દીકરી પાર્વતીબેન ઉર્ફે પીલીબેન મીઠાપુર ગામે પોતાના ઘરેથી પોતાની મેળે કોઈને કહ્યા વગર નીકળી ગઈ હતી અને ત્યારબાદ ઘરે પરત ફરી નહોતી. બીજા બનાવમાં અમરેલીના ટીંબલા ગામે રહેતા ચંદુભાઈ બાઘુભાઈ સુરાણીયા (ઉં.વ.૪૬)એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી અંકિતાબેન (ઉં.વ. ૧૮) ઘરેથી કોઈને કહ્યા વગર જતી રહી હતી અને આજદિન સુધી પરત ફરી નહોતી.

## નેપાળ યાત્રા પૂર્ણ કરી ગોમતીદાસ બાપુ જાફરાબાદ પરત ફરતા ભવ્ય સામૈયું કરાયું

ધારી,તા.૨૧

જાફરાબાદ ખંઢેરા હનુમાનજી મંદિરના મહંત ગુરુ ગોમતીદાસ બાપુ નેપાળ યાત્રા પૂર્ણ કરી આજે જાફરાબાદ પરત ફરતા ભક્તજનો અને ગ્રામજનોમાં આનંદની લાગણી છવાઈ હતી. બાપુ ગુમ થયાના સમાચારથી સમગ્ર તાલુકામાં ચિંતાનો માહોલ હતો, પરંતુ સહીસલામત હોવાના ફોનથી



રાહત મળી હતી. બસ સ્ટેશન નજીક ઢોલ-નગારાં, ફટાકડા અને ફુલહારથી સામૈયું કરાયું, બાદમાં બાઈક રેલી સાથે આશ્રમે સ્વાગત થયું. નેપાળની દુર્ઘટનાના દિવંગતો માટે બે મિનિટનું મૌન પાળી ત્રણેય સરકારનો આભાર મનાયો હતો.

## વિજપડી ગામે ઉગતાપોરના મેલડી માતાના ધામમાંથી ૯૫ છત્રની ચોરી

સાવરકુંડલા, તા. ૨૧

સાવરકુંડલાના વિજપડી ગામની સીમમાં આવેલા ઉગતાપોરના મેલડી માતાના ધામમાંથી ૯૫ છત્રની ચોરી થતાં ચકચાર મચી ગઈ છે. છગનભાઈ ટપુભાઈ વાળા (ઉં.વ. ૫૯)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ ઉગતાપોરના મેલડી માતાના ધામમાં સેવા-પૂજા કરે છે. ગત તા. ૧૬/૦૯/૨૦૨૬ના રોજ બપોરે જમીને મંદિર પાસે આવેલી ઓરડીમાં સૂતા હતા, તે દરમિયાન બપોરના આશરે સાડા ત્રણેક વાગ્યાના અરસામાં ૩૦ થી ૩૫ વર્ષના એક અજાણ્યા ઈસમે ખુલ્લા મંદિરમાં પ્રવેશ કર્યો હતો. તેણે મંદિરના ગર્ભગૃહમાં ભક્તોએ ચડાવેલા ચાંદીના નાના-મોટા ૯૫ છત્રની ચોરી કરી પલાયન થઈ ગયો હતો. આ અંગે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ બી. પી. પરમાર વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## વીજપડી નજીક રાજુલા રોડ પર ટ્રક ખાળિયામાં ઉતરી ગયો

અમરેલી,તા.૨૧

વીજપડી ગામ નજીક રાજુલા રોડ પર એક ટ્રક અચાનક રસ્તા પરથી નીચે ખાળિયામાં ઉતરી ગયો હતો. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ ન હતી અને ટ્રકમાં સવાર કોઈ પણ વ્યક્તિને ઈજા પહોંચી ન હતી.માહિતી મુજબ, ટ્રક રાજુલા રોડ પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે



કોઈ કારણસર રસ્તા પરથી નીચે ઉતરી ગયો હતો. ટ્રકને બહાર કાઢવા માટે ઘણી મહેનત કરવી પડી હતી. બાદમાં ક્રેનની મદદથી તેને બહાર કાઢવામાં આવ્યો હતો. કોઈ જાનહાનિ ન થતાં સ્થાનિક લોકોએ રાહત અનુભવી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: અગિયારસ
તા.૨૨-૦૯-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૬:૦૯,
સૂર્યાસ્ત-૦૬:૧૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તરાષાઢા

## દૈનિક રાશિફળ

**તા. ૨૨-૦૯-૨૦૨૬ મંગળવાર**

મેષ: આજે તમે શાંત દિવસ પસાર કરશો. આજે કાર્યક્ષેત્રમાં ધંધો કંઈ ખાસ રહેશે નહીં, છતાં આત્મસંતોષની લાગણીને કારણે મન પરેશાન નહીં થાય.

વૃષભ: આજે તમારા માટે પ્રગતિનો દિવસ છે. કાર્યસ્થળ પર અનુકૂળ વાતાવરણ રહેશે એટલે સફળ થશો, તેના પરિણામ ચોક્કસપણે નાણાકીય લાભોના રૂપમાં મળશે.

મિથુન: નોકરી કરતા લોકોને વધારે કામ મળતા થોડી અગવડતા રહી શકે છે, પરંતુ બપોર સુધીમાં મહેનતનું ફળ મળવાનું શરૂ થઈ જશે.

કર્ક: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ ડીલ રદ થવાની અથવા અન્ય કોઈપણ પ્રકારનો અવરોધ ઊભો થાય તેવી સંભાવના છે.

સિંહ: આ દિવસે તમારો નિત્યક્રમ થોડો અશાંત રહી શકે છે. તમારે કોઈ ખર્ચાળ કામ કરવા પડશે, જે પારિવારિક સુખ અને શાંતિ માટે જરૂરી રહેશે, પરંતુ બજેટ બગડવાનો ભય છે.

કન્યા: તમારે અનેક કાર્યોનો સામનો કરવો પડશે. ખર્ચ આવક કરતા વધારે હોઈ શકે છે, પરંતુ ફક્ત જરૂરી કામોમાં ખર્ચ કરશો. નજીકના સમયમાં તમને નાણાંનો લાભ થશે.

તુલા: આજે તમારી અંદર વધુ ચંચળતા રહેશે. જો મન કોઈ એક નિર્ણયને વળગી નહીં રહે તો લાભની તકો ખોવાઈ શકે છે. આજે તમે ઝડપથી કોઈ પર વિશ્વાસ નહીં કરો.

વૃશ્ચિક: આજે સિદ્ધિનો દિવસ રહેશે. દિવસની શરૂઆતથી કોઈપણ કાર્ય પૂર્ણ કરવા ઉતાવળ રહેશે. વેપારી વર્ગને આજે થોડી વધુ મહેનત કરવી પડી શકે છે.

ધન: આજનો દિવસ તમારા માટે વિપરિત પરિસ્થિતિવાળો હોઈ શકે છે. તમે જે પણ કાર્ય કરો છો તેની સફળતા શંકાસ્પદ રહેશે, પરંતુ તમને લાભ થતો રહેશે.

મકર: આ દિવસે તમારી પોતાની ભૂલથી નુકસાન પહોંચાડી શકો છો. તમારા નિર્ણયને વળગી નહીં રહો તો જાહેર ક્ષેત્રમાં અથવા પરિવારમાં ટીકાઓનો સામનો કરવો પડી શકે છે.

કુંભ: તમારા માટે આજનો દિવસ શાંતિપૂર્ણ રહેશે. તમે કાર્યો પ્રત્યે બહુ ગંભીર નહીં રહો, તેમ છતાં તમે જે કાર્ય કરો છો તેમાં નિશ્ચિત સફળતા મળશે.

મીન: આજે તમે જાહેર કાર્યોમાં મહત્વપૂર્ણ યોગદાન આપશો. તમારા પરિવારની પ્રતિષ્ઠા વધારવા બદલ તમારા પરિવારના સભ્યોને તમારા પર ગર્વ થશે.

## દેવગામમાં લગ્ન પ્રસંગમાં સંબંધીએ ન બોલાવતાં તલવારનો ઘા ઝીંક્યો

વડિયા, તા. ૨૧

વડિયાના દેવગામમાં લગ્ન પ્રસંગમાં સંબંધીને ન બોલાવતાં તલવારનો ઘા ઝીંક્યો હતો. આ બનાવ અંગે જેતપુરમાં રહેતા જયરાજભાઈ શેલારભાઈ ડાંગર (ઉં.વ.૩૮) એ યુવરાજભાઈ ગભરૂભાઈ વાળા, રણજીતભાઈ ગભરૂભાઈ વાળા, ભરતભાઈ બાવકુભાઈ વાળા તથા અનકભાઈ આપભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, સાહેદ વિજયભાઈ માણસુરભાઈ વાળા તેમના સંબંધી થાય છે. વિજયભાઈને આરોપીઓ સાથે બોલવાનો સંબંધ નહોતો અને વિજયભાઈના ઘરે લગ્ન પ્રસંગ હોવાથી તેમણે આ આરોપીઓને બોલાવ્યા નહોતા. ફરિયાદી વિજયભાઈના ઘરે આવતા-જતા હોવાથી આરોપીઓને સારું લાગ્યું નહોતું. આરોપીઓ મોટરસાયકલ લઈને આવ્યા હતા અને તેમની ગાડી ઊભી રખાવી હતી.

ફરિયાદીએ ગાડી ઊભી રાખી કાચ ખોલતાં જ આરોપીએ તેના હાથમાં રહેલી તલવારનો ઘા ઝીંક્યો હતો. તેમજ છરી તથા લાકડાના ધોકા વડે ગાડી પર ઘા માર્યા હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપી જેમ ફાવે તેમ ગાળો આપી હતી. આ અંગે વડિયા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી. પી. ધાંધલા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## પાણીયાથી અમરેલી હાઈવે રોડ ઉપર આવેલી વાડીઓમાંથી ૫૫૦ ફૂટ કેબલ વાયરની ચોરી

**કેબલ ચોરોએ ત્રણ વાડીઓને નિશાન બનાવી**

અમરેલી, તા. ૨૧

અમરેલીના પાણીયા ગામથી અમરેલી હાઈવે રોડ ઉપર આવેલી વાડીઓમાંથી ૫૫૦ ફૂટ કેબલ વાયરની ચોરી થઈ હતી. આ અંગે પાણીયા ગામના સુરેશભાઈ કેશુભાઈ સાવલીયા (ઉં.વ.૪૭) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, પાણીયા ગામથી અમરેલી હાઈવે રોડ ઉપર આવેલી તેમની વાડીએથી દારથી મકાન સુધી બહાર રાખેલો આશરે ૨૫૦ ફૂટ કેબલ વાયર તથા તેમની બાજુની વાડી ધરાવતા મનસુખભાઈ પોપટભાઈ સાવલીયાની વાડીએથી આશરે ૧૦૦ ફૂટ કેબલ વાયર અને કાંતિભાઈ નાગજીભાઈ સાવલીયાની વાડીએથી આશરે ૨૦૦ ફૂટ જેટલો કેબલ વાયર મળી કુલ ૫૫૦ ફૂટ કેબલ વાયર કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી ગયો હતો.

## ધારીના ગીગાસણ ગામે ઘાસચારા બાબતે ગાળો આપી ધમકી આપી

ધારી, તા. ૨૧

ધારીના ગીગાસરણ ગામે 'તું મને ખડ વાઢવાની ના કેમ પાડે છે?' તેમ કહી ગાળો આપવાની ઘટના સામે આવી છે. આ અંગે ખોડાભાઈ મંગાભાઈ વાઘેલા (ઉં.વ. ૭૦)એ વનરાજભાઈ દિલીપભાઈ કોટીલા તથા દિલીપભાઈ સુરગભાઈ કોટીલા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની વાડીના ખેતરમાં વનરાજભાઈ કોટીલા ખડ વાઢવા ગયા હતા. જેથી ફરિયાદીના દીકરાએ ખડ વાઢવાની ના પાડતાં આરોપીને સારું લાગ્યું નહોતું.

તેણે ફરિયાદીના દીકરા સાથે બોલાચાલી કરી 'તું મને ખડ વાઢવાની ના પાડે છે, તને મારી નાખીશ' તેવી ધમકી આપી હતી. ફરિયાદીના દીકરાએ આ બાબતે તેમને વાત કરતાં, તેમણે ફોન કરીને આ અંગે ઠપકો આપ્યો હતો. જેથી આરોપીએ તેમને પણ ફોનમાં જેમ-ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે અમરેલી એસસી-એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક એન. બી. ગોરડિયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## રાજુલા શહેરમાં બંધ દુકાનોના તાળાં ફંફોળતો શકમંદ ઝડપાયો

રાજુલા, તા. ૨૧

રાજુલા શહેરમાં મોડી રાત્રિના અંધારામાં ચોરી જેવા મિલકત વિરોધી ગુનાને અંજામ આપવાના ઈરાદે લપાતો-છુપાતો આંટાફેરા મારતો એક શકમંદ શખ્સ પોલીસની ઝપટે ચડી ગયો હતો. મળતી વિગતો અનુસાર, રાત્રિના સમયે પેટ્રોલિંગ દરમિયાન બંધ દુકાનોની આસપાસ અયુબભાઈ ઉર્ફે મસ્તાન રજાકભાઈ ચોકીયા (ઉં.વ.૨૫) નામનો શખ્સ શંકાસ્પદ હાલતમાં આંટાફેરા મારતો અને દુકાનોના તાળાં ફંફોળતો નજરે પડ્યો હતો. પોલીસ ટીમે તેને અટકાવી મોડી રાત્રે ત્યાં હાજર રહેવા અંગે પૂછપરછ કરતાં તે કોઈ સંતોષકારક ખુલાસો કરી શક્યો નહોતો. કોઈ ગંભીર મિલકત સંબંધી ગુનો આચરવાના બદઈરાદાથી રખડતો-ભટકતો મળી આવતાં પોલીસે આ શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી કરી તેની અટકાયત કરી છે.

**ચોરીના ઈરાદે આંટાફેરા મારતો હોવાની શંકા**

## તંત્રી લેખ

# ડિજિટલ ભારતનું નવું સંરક્ષણ કવચ

આજે ભારત ડિજિટલ યુગમાં નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. આ દેશ ઝડપથી ડિજિટલ બની રહ્યો છે. લોકોના રોજિંદા જીવનમાં ટેકનોલોજી ઊંડે સુધી પ્રવેશી ગઈ છે. બેંકિંગ, શિક્ષણ, આરોગ્ય અને વ્યાપાર દરેક ક્ષેત્ર ડિજિટલ થઈ ગયું છે. આ પ્રગતિ સાથે એક નવો પડકાર પણ ઊભો થયો છે. તે પડકાર છે સાયબર સુરક્ષાનો. જેમ જેમ આપણે વધુ ડિજિટલ બનીએ છીએ, તેમ તેમ આપણા ડેટા અને ઉપકરણો પરનું જોખમ પણ વધે છે. આ જોખમને સમજીને દેશે હવે એક નવી સંરક્ષણ કવચ તૈયાર કરવાની દિશામાં મોટું પગલું ભર્યું છે. આ પગલું સેમિકન્ડક્ટર ઉદ્યોગ સાથે જોડાયેલું છે. સેમિકન્ડક્ટર એટલે ચિપ. આ નાનકડી ચિપ આજના દરેક ડિજિટલ ઉપકરણનું હૃદય છે. મોબાઈલ, લેપટોપ, કાર, ટીવી, વોશિંગ મશીન બધામાં ચિપ વપરાય છે. તેથી ચિપનું ઉત્પાદન અને ડિઝાઈન દેશ માટે અત્યંત મહત્વપૂર્ણ બની ગયા છે. ભારત હવે આ ક્ષેત્રે આત્મનિર્ભર બનવા માંગે છે. આ માટે સરકારે અનેક યોજનાઓ શરૂ કરી છે. દેશમાં ચિપ ઉત્પાદનના કારખાના ઊભા થઈ રહ્યા છે. યુવાન ઈજનેરો ચિપ ડિઝાઈન કરવામાં આગળ આવી રહ્યા છે. પરંતુ આ પ્રગતિ સાથે એક ચેતવણી પણ સામે આવી છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે તાજેતરમાં એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે સેમિકન્ડક્ટર ઉદ્યોગને સાયબર હુમલાઓ અને ભૂ-રાજકીય જોખમો અંગે સતર્ક રહેવું જોઈએ. આ ચેતવણી ખૂબ ગંભીર છે. કારણ કે જ્યારે ભારત ચિપ ઉત્પાદનમાં આત્મનિર્ભર બને છે, ત્યારે તે વૈશ્વિક બજારમાં સ્પર્ધા કરે છે. આ સ્પર્ધામાં કેટલાક સ્થાપિત હિતોને પડકાર મળે છે. તેથી તેઓ ભારતના ઉદ્યોગને નબળું પાડવા માટે ષડયંત્ર રચી શકે છે. સાયબર હુમલા એ આવા ષડયંત્રનું એક સશક્ત હથિયાર છે. સાયબર હુમલો એટલે શું? તે એક એવો હુમલો છે જે કમ્પ્યુટર નેટવર્ક દ્વારા થાય છે. તેમાં હેકર દૂર બેઠા બેઠા કોઈની સિસ્ટમમાં પ્રવેશ કરે છે. તે ડેટા ચોરી કરે છે. તે સિસ્ટમને બગાડે છે. તે મહત્વપૂર્ણ માહિતી નષ્ટ કરે છે. કેટલીક વાર તે ફેક્ટરીના મશીનોને પણ બંધ કરાવી દે છે. આજના સમયમાં આવા હુમલા ખૂબ સામાન્ય થઈ ગયા છે. મોટી કંપનીઓ, બેંકો અને સરકારી સંસ્થાઓ પર પણ આવા હુમલા થાય છે. તેથી સેમિકન્ડક્ટર ઉદ્યોગ માટે આ જોખમ વધુ ગંભીર છે. કારણ કે ત્યાં દેશની સૌથી સંવેદનશીલ ટેકનોલોજી હોય છે. આ જોખમ સામે ભારતે પોતાની સંરક્ષણ વ્યવસ્થા મજબૂત કરવી પડશે. આ માટે ઘણા પગલાં લેવાની જરૂર છે. પહેલું પગલું છે જાગૃતિ. ઉદ્યોગ સાથે જોડાયેલા દરેક વ્યક્તિને સાયબર સુરક્ષાની તાલીમ મળવી જોઈએ. બીજું પગલું છે મજબૂત પાસવર્ડ અને પ્રમાણીકરણ. દરેક સિસ્ટમમાં બે-પગલાં પ્રમાણીકરણ ફરજિયાત કરવું જોઈએ. ત્રીજું પગલું છે નિયમિત તપાસ. સિસ્ટમમાં કોઈ નબળાઈ છે કે નહીં તે ચકાસવું જોઈએ. ચોથું પગલું છે સાયબર સુરક્ષા નિષ્ણાતોની ટીમ. દરેક ચિપ કંપનીમાં આવી ટીમ હોવી જોઈએ. પાંચમું પગલું છે સરકારી સહયોગ. સરકારે ઉદ્યોગને ટેકનિકલ અને આર્થિક મદદ આપવી જોઈએ. નિષ્કર્ષમાં કહી શકાય કે ડિજિટલ ભારતની નવી સંરક્ષણ કવચ એ સમયની જરૂર છે. સેમિકન્ડક્ટર ઉદ્યોગ દેશના વિકાસનું નવું એન્જિન છે. પરંતુ આ એન્જિનને સાયબર હુમલાઓથી બચાવવું પડશે. આ માટે દરેક નાગરિક, દરેક કંપની અને દરેક સંસ્થાએ પોતાની જવાબદારી સમજવી પડશે. જો આપણે સાથે મળીને પ્રયાસ કરીશું, તો ભારત ડિજિટલ દુનિયામાં એક સુરક્ષિત અને સશક્ત રાષ્ટ્ર તરીકે ઉભરી આવશે. આ જ આપણી સાચી પ્રગતિ છે. આ જ આપણું સાચું ગૌરવ છે.

# સૌર પેનલની બદલાતી ટેકનોલોજી અને તેની ઉપયોગિતા

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**



હવે સૌર ઊર્જામાં માત્ર શક્તિ વધારવાનું જ મહત્વ નથી. ઓછી જગ્યામાં વધુ વીજળી, ગરમીમાં સારું કામ, લાંબી ગેરંટી, મોબાઇલમાં દેખરેખ, બેટરીમાં સંગ્રહ અને જૂની પેનલનો ફરી ઉપયોગ પણ મહત્વના બન્યા છે.

અગાઉ પી-પ્રકારના કોષ વધુ વપરાતા હતા. હવે એન-પ્રકારના કોષનું મહત્વ વધી રહ્યું છે. તેમાં વીજળીનો બગાડ ઓછો થાય તેવી રચના હોય છે. એન-પ્રકારની પેનલ કેટલીક સ્થિતિમાં વધુ કાર્યક્ષમ અને લાંબા સમય સુધી સ્થિર વીજળી આપે છે. નાની છત પર વધુ વીજળી જોઈતી હોય તેમને તે ઉપયોગી થાય છે. પણ માત્ર એન-પ્રકાર નામ જોઈને પેનલ ન લેવી. કંપની વિશ્વાસપાત્ર છે કે નહીં, પેનલની કાર્યક્ષમતા, ગરમીમાં તેનું કામ, વર્ષો પછી વીજળી કેટલી ઘટે છે અને સેવા મળે છે કે નહીં તે પણ જોવું જોઈએ.

ટોપકૉન એટલે ખાસ પ્રકારનો સંપર્ક ધરાવતો કોષ. તેમાં ખૂબ પાતળું પડ અને ખાસ વીજ જોડાણ વપરાય છે. તેનાથી કોષની સપાટી પર થતો વીજ બગાડ ઘટે છે. ટોપકૉનથી સૂર્યપ્રકાશમાંથી વધુ વીજળી મળે છે. જૂની પધ્ધતિ કરતાં તે વધુ કાર્યક્ષમ, વધુ ટકાઉ અને બંને બાજુથી પ્રકાશ લેતી પેનલ માટે યોગ્ય છે. તેનો મોટો ફાયદો એ છે કે તે મોટા પાયે બની રહી છે. તેથી તે માત્ર પ્રયોગશાળાનો વિષય નથી, બજારમાં મળતી મુખ્ય ટેકનોલોજી છે. પણ અલગ કંપનીના મોડેલમાં ગુણવત્તા, કાર્યક્ષમતા અને ગેરંટી અલગ હોઈ શકે છે. એચજેટી એટલે મિશ્ર જોડાણ ટેકનોલોજી. તેમાં સ્ફટિક સિલિકોન કોષ પર પાતળાં ખાસ સિલિકોન પડ ચઢાવવામાં આવે છે. તે વીજ બગાડ ઘટાડે છે અને કાર્યક્ષમતા વધારે છે. ગરમ પ્રદેશોમાં એચજેટી પેનલ ઉપયોગી થઈ શકે છે, કારણ કે તાપમાન વધે ત્યારે તેનું ઉત્પાદન બીજી પેનલ કરતાં ઓછું ઘટે છે. બંને બાજુથી પ્રકાશ લેતી હોય તો તેનો બેવડો લાભ મળે છે. એચજેટી બનાવવાનો ખર્ચ કેટલીક વાર વધુ હોય છે. તેથી ગ્રાહકે પેનલના ભાવ સાથે ઈન્વર્ટર, ગોઠવણનું માળખું, બેસાડવાનો ખર્ચ, ગેરંટી અને જાળવણી ખર્ચ પણ ગણવો જોઈએ.

બાઈફેશિયલ પેનલ આગળની સાથે પાછળની બાજુથી પણ પ્રકાશ લઈ શકે છે. જમીન, છત કે કોંક્રિટ પરથી પાછો ફેંકાતો પ્રકાશ પાછળની સપાટી પર પડે ત્યારે વધારાની વીજળી બને છે. ખુલ્લી જમીન, કારખાનાની છત, સૌર છાપરું અને ઊંચા માળખામાં તે વધુ અસરકારક બને છે. સફેદ છત કે પ્રકાશ પાછો ફેંકતી જમીન હોય તો પાછળથી મળતો લાભ વધે છે. સામાન્ય ઘરના ઢાળવાળા છાપરા પર પેનલ સીધી બેસાડીએ તો પાછળ પૂરતો પ્રકાશ ન મળે, તેથી બાઈફેશિયલનો લાભ ઓછો થાય. તેથી ખરીદતાં પહેલાં બેસાડનારને પૂછવું જોઈએ કે પાછળ કેટલો પ્રકાશ પહોંચશે.

પેરોવ્સ્કાઈટ એક નવી પ્રકાશ પકડતી સામગ્રી છે. તેને સિલિકોન કોષ ઉપર ગોઠવીએ ત્યારે પેરોવ્સ્કાઈટ-સિલિકોન જોડકું બને છે. જોડકું એટલે બે જુદી સામગ્રીને સાથે કામ કરાવવી. આ રચનામાં બંને પડ સૂર્યપ્રકાશના જુદા ભાગને પકડે છે. તેથી એક જ કોષમાં પ્રકાશનો વધુ ઉપયોગ થઈ શકે છે. પ્રયોગશાળામાં આ કોષે ઊંચી કાર્યક્ષમતા બતાવી છે. પણ પ્રયોગશાળાની કાર્યક્ષમતા અને ઘર માટે વેચાતી પેનલની કાર્યક્ષમતા એકસરખી હોતી નથી. ભેજ, ગરમી અને સૂર્યનાં પારજાંબલી કિરણો સામે તેને લાંબા સમય સુધી ટકાવવી હજુ મોટો પડકાર છે.

મોટા પાયે ઉત્પાદન, કિંમત, ગેરંટી, સલામતી અને ફરી ઉપયોગની વ્યવસ્થા મજબૂત થયા પછી જ આ ટેકનોલોજી સામાન્ય ઘરોમાં ફેલાશે. પાછળ સંપર્ક ટેકનોલોજીમાં કોષના વીજ જોડાણ આગળને બદલે પાછળ ગોઠવવામાં આવે છે. તેથી આગળની સપાટી વધુ ખુલ્લી રહે છે અને પ્રકાશ સરળતાથી અંદર પહોંચે છે. આ પેનલ દેખાવમાં સ્વચ્છ અને આધુનિક લાગે છે. વધુ કાર્યક્ષમતા માટે પણ તેની રચના ઉપયોગી છે. પણ સામાન્ય પેનલ કરતાં તેની કિંમત વધુ હોઈ શકે છે. આજકાલ મોટા કદના સિલિકોન તકતીથી બનેલી પેનલ પણ જોવા મળે છે. મોટી પેનલથી ઓછી સંખ્યામાં વધુ શક્તિ મળે, પણ તેનું વજન અને કદ વધુ હોય છે. ઘરની છત પર લાવવા, ચઢાવવા અને સાચવવા માટે યોગ્ય આયોજન કરવું પડે છે.

આધુનિક સૌર વ્યવસ્થામાં ઈન્વર્ટર સાથે સંવેદક અને મોબાઈલ એપ જોડાય છે. વપરાશકર્તા રોજનું ઉત્પાદન, વીજ વપરાશ અને ખામીની સૂચના જોઈ શકે છે. કૃત્રિમ બુદ્ધિ એટલે કે એઆઈ આ માહિતીનું વિશ્લેષણ કરી શકે છે. પેનલનું ઉત્પાદન અચાનક ઘટે તો એઆઈ સંભવિત કારણ બતાવી શકે છે. ધૂળ, છાંયો, વાયરની તકલીફ, ઈન્વર્ટરની ખામી કે કોઈ એક કોષનું ઓછું ઉત્પાદન ઓળખવામાં તે મદદ કરે છે. એઆઈથી જાળવણીનો યોગ્ય સમય પણ નક્કી થઈ શકે છે. જેમ કે વરસાદ પછી કે ધૂળવાળા વાતાવરણમાં પેનલ સાફ કરવાની સૂચના મળી શકે છે. છતાં એઆઈના અહેવાલને અંતિમ સત્ય ન માનવું. વાદળ, વરસાદ, વીજળીની લાઈનની સમસ્યા કે આસપાસના ઝાડનો છાંયો પણ ઉત્પાદન ઘટાડે છે. તેથી નિષ્ણાતે સ્થળ પર તપાસ કરવી જરૂરી છે.

જમીન ઓછી હોય ત્યાં તળાવની સપાટી પર તરતી સૌર પેનલ ગોઠવવામાં આવે છે. તેને તરતું સૌર મથક કહે છે. તે જમીન બચાવે છે અને કેટલીક સ્થિતિમાં પાણીનું બાષ્પીભવન ઘટાડવામાં મદદ કરે છે. આમાં પેનલને સ્થિર રાખવા મજબૂત બાંધકામ, યોગ્ય વાયરિંગ, પાણીની ગુણવત્તાની દેખરેખ અને નિયમિત જાળવણી જરૂરી છે. ખેતી અને સૌર વીજળીને એક જ જગ્યાએ જોડવાની પધ્ધતિને ખેત-સૌર પધ્ધતિ કહે છે. તેમાં પેનલ ઊંચે ગોઠવી નીચે ખેતી કરવામાં આવે છે. કેટલાક પાક માટે પેનલનો થોડો છાંયો ફાયદાકારક બને છે, જ્યારે બીજા પાકને નુકસાન પણ કરી શકે છે. તેથી ખેતીવાળા સૌર પ્રોજેક્ટમાં પાકનો પ્રકાર, હવામાન, પાણીની ઉપલબ્ધતા અને પેનલની ગોઠવણીનું વૈજ્ઞાનિક આયોજન જરૂરી છે.

સૂર્યપ્રકાશ દિવસે વધુ મળે છે, પણ ઘરમાં વીજળીનો વપરાશ સાંજે વધુ હોય છે. બેટરીમાં દિવસે બનેલી વધારાની વીજળી ભરીને રાત્રે વાપરી શકાય છે. બેટરી વીજળી જતી વખતે ટેકો આપે છે. તે સૌર વ્યવસ્થાને વધુ ઉપયોગી બનાવે છે, પણ તેની સાથે વધારાનો ખર્ચ, સલામતી, જગ્યા અને નિયમિત દેખરેખ જોડાય છે. સૌર વ્યવસ્થાનો કુલ ખર્ચ ગણતી વખતે માત્ર પેનલનો ભાવ ન જોવો. તેમાં ઈન્વર્ટર, બેટરી, ગોઠવણનું માળખું, વાયરિંગ, બેસાડવાનો ખર્ચ, જાળવણી અને ભવિષ્યમાં બદલવાનો ખર્ચ પણ ઉમેરવો જોઈએ.

પેનલનું આયુષ્ય પૂરું થયા પછી તેને ફેંકવાને બદલે તેના કાચ, એલ્યુમિનિયમ અને બીજી સામગ્રીનો ફરી ઉપયોગ કરવો જરૂરી છે. ગેરંટી કેટલી છે? વર્ષો પછી ઉત્પાદન કેટલું ઘટશે? સ્થાનિક સેવા મળે છે? ઈન્વર્ટર અને બેટરીની અલગ ગેરંટી છે? જૂની પેનલનો ફરી ઉપયોગ કેવી રીતે થશે? બેસાડ્યા પછી ખામી આવે તો કંપનીની જવાબદારી શું રહેશે?


આ જવાબો મળ્યા પછી જ યોગ્ય નિર્ણય લેવો જોઈએ. ટોપકૉન અને એચજેટી હાલમાં વ્યવહારુ વિકલ્પો તરીકે આગળ વધી રહ્યા છે. ટોપકૉન ઘણી જગ્યાએ મળે છે અને ભાવમાં સ્પર્ધાત્મક છે, જ્યારે એચજેટી ગરમ વાતાવરણ અને લાંબા ગાળા માટે આકર્ષક બની શકે છે. બંને બાજુથી પ્રકાશ લેતી પેનલ ખુલ્લી અને પ્રકાશ પાછો ફેંકતી જગ્યાએ વધારું ઉત્પાદન આપી શકે છે. પેરોવ્સ્કાઈટ-સિલિકોન જોડકું ભવિષ્યમાં વધુ કાર્યક્ષમતા આપી શકે છે, પણ તેની ટકાઉપણું અને બજાર ઉપલબ્ધતા હજુ તપાસ હેઠળ છે. પેનલ પસંદ કરતી વખતે માત્ર નવું નામ ન જોવું. છતનું કદ, સ્થાનિક તાપમાન, છાંયો, વીજ વપરાશ, બજેટ, ઈન્વર્ટર, બેટરી, ગેરંટી અને સ્થાનિક સેવા બધું ધ્યાનમાં રાખીને નિર્ણય લેવો જોઈએ.

**સૌર પેનલ સૂર્યના પ્રકાશને વીજળીમાં ફેરવે છે. પેનલની અંદર નાનાં સૌર કોષ હોય છે. તે પ્રકાશને પકડીને વીજળી બનાવે છે. આ વીજળી પહેલાં સીધી (ડીસી) હોય છે. પછી ઇન્વર્ટર તેને આપણા ઘરમાં વપરાતી વીજળી (એસી) માં ફેરવે છે. તેનાથી પંખો, લાઇટ, ફ્રિજ બધું ચાલે છે.**

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૫૫ | ૨૦૦૦ |
| ઘઉં લોકવન | ૫૫૬ | ૬૦૭ |
| ઘઉં ટુકડા | ૫૫૮ | ૬૩૭ |
| જુવાર સફેદ | ૧૩૦૦ | ૧૫૦૪ |
| જુવાર લાલ | ૧૨૦૦ | ૧૩૧૫ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૪૦ |
| બાજરી | ૩૭૨ | ૫૦૯ |
| મકાઇ | ૪૦૦ | ૫૬૪ |
| તુવેર | ૧૨૫૪ | ૧૯૧૨ |
| ચણા પીળા | ૧૧૩૫ | ૧૩૩૭ |
| ચણા સફેદ | ૧૩૭૫ | ૧૯૪૦ |
| અડદ | ૧૪૬૦ | ૧૮૫૦ |
| મગ | ૧૧૦૦ | ૧૭૧૨ |
| વાલ દેશી | ૮૫૦ | ૧૩૧૮ |
| ચોળી | ૯૩૦ | ૧૪૪૦ |
| વટાણા | ૬૦૦ | ૯૫૦ |
| કળથી | ૫૦૪ | ૫૦૪ |
| રાજમા | ૧૮૧૫ | ૧૯૮૪ |
| સીંગદાણા | ૧૬૧૧ | ૨૧૦૩ |
| મગફળી જાડી | ૧૧૭૫ | ૧૬૦૦ |
| મગફળી જીણી | ૧૨૦૧ | ૧૭૩૦ |
| તલી | ૧૯૭૨ | ૨૩૮૦ |
| એરંડા | ૧૩૭૦ | ૧૪૫૯ |
| અજમો | ૧૫૯૦ | ૩૯૩૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૨૭૦ |
| સીંગફાડા | ૧૧૭૫ | ૧૮૨૫ |
| કાળા તલ | ૨૪૧૦ | ૩૫૪૭ |
| લસણ | ૧૦૬૦ | ૨૪૦૦ |
| ધાણા | ૨૧૦૦ | ૨૮૫૦ |
| ધાણી | ૨૨૦૦ | ૨૯૯૧ |
| વરીયાળી | ૧૫૩૨ | ૨૪૦૦ |
| જીરૂ | ૩૫૫૦ | ૪૧૦૫ |
| રાય | ૧૩૦૦ | ૧૮૨૦ |
| મેથી | ૯૭૦ | ૧૭૯૦ |
| ઇસબગુલ | ૧૬૦૦ | ૨૧૯૬ |
| અશેરીયો | ૧૦૮૧ | ૧૦૮૧ |
| કલોંજી | ૩૯૬૦ | ૪૧૧૫ |
| રાયડો | ૧૨૬૦ | ૧૫૨૩ |
| રજકાનું બી | ૮૩૦૦ | ૧૦૮૫૦ |
| ગુવારનું બી | ૧૧૦૦ | ૧૨૯૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૮૨૭ | ૩૫૯૦ |
| પપૈયા | ૨૦૩ | ૪૧૦ |
| બટેટા | ૮૬ | ૨૯૭ |
| ડુંગળી સુકી | ૩૩૫ | ૮૩૫ |
| ટમેટા | ૨૧૯ | ૪૪૨ |
| સુરણ | ૫૨૭ | ૭૧૪ |
| કોથમરી | ૧૯૬ | ૩૫૬ |
| મુળા | ૨૧૧ | ૪૧૦ |
| રીંગણા | ૨૦૩ | ૫૧૧ |
| કોબીજ | ૧૨૬ | ૨૧૫ |
| ફ્લાવર | ૧૮૭ | ૩૭૯ |
| ભીંડો | ૫૭૬ | ૭૬૯ |
| ગુવાર | ૭૭૭ | ૧૩૮૩ |
| ચોળાસીંગ | ૪૪૩ | ૭૭૨ |
| વાલોળ | ૨૮૬ | ૫૧૩ |
| ટીંડોળા | ૩૧૪ | ૬૨૭ |
| દુધી | ૯૧ | ૧૪૩ |
| કારેલા | ૧૫૪ | ૨૬૫ |
| સરગવો | ૫૯૭ | ૧૨૨૭ |
| તુરીયા | ૨૬૮ | ૪૫૮ |
| પરવર | ૩૧૮ | ૫૩૨ |
| કાકડી | ૩૨૬ | ૬૮૪ |
| ગાજર | ૨૫૨ | ૪૭૬ |
| વટાણા | ૧૪૨૫ | ૨૦૫૪ |
| કંટોળા | ૧૦૫૫ | ૧૪૩૮ |
| ગલકા | ૨૦૩ | ૪૧૨ |
| બીટ | ૩૧૪ | ૫૦૭ |
| મેથી | ૪૨૫ | ૭૮૭ |
| વાલ | ૪૧૨ | ૬૧૦ |
| ડુંગળી લીલી | ૩૮૬ | ૫૯૭ |
| આદુ | ૧૪૧૬ | ૩૦૨૭ |
| મરચા લીલા | ૧૧૧ | ૨૯૫ |
| મગફળી લીલી | ૫૧૮ | ૮૦૩ |
| મકાઇ લીલી | ૧૬૧ | ૨૮૨ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૮૯૬ |
| ઘઉં લોકવન | ૫૩૦ | ૬૦૬ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૮૮ |
| મગફળી જીણી | ૧૦૧૧ | ૧૭૨૬ |
| સિંગદાણા જાડા | ૧૬૦૦ | ૧૯૮૧ |
| સિંગ ફાડીયા | ૯૦૧ | ૧૭૯૧ |
| એરંડા / એરંડી | ૧૧૩૧ | ૧૪૮૬ |
| તલ લાલ | ૨૪૦૧ | ૨૪૫૧ |
| જીરૂ | ૨૮૫૧ | ૪૨૧૧ |
| ધાણા | ૨૪૦૧ | ૨૯૨૧ |
| અડદ | ૧૧૦૧ | ૧૮૬૧ |
| તુવેર | ૧૦૫૧ | ૧૮૩૧ |
| મેથી | ૧૦૩૧ | ૧૩૫૧ |
| કાંગ | ૪૦૧ | ૭૭૧ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૬૫૧ |
| તલ - તલી | ૧૮૦૦ | ૨૫૨૧ |
| ધાણી | ૨૫૦૧ | ૩૦૨૧ |
| બાજરો | ૩૦૧ | ૪૫૧ |
| મકાઇ | ૫૫૧ | ૬૦૧ |
| મગ | ૯૭૬ | ૧૫૭૬ |
| વાલ | ૭૦૧ | ૧૧૦૧ |
| ચોળા / ચોળી | ૭૭૬ | ૧૨૭૬ |
| સોયાબીન | ૧૦૮૧ | ૧૧૬૬ |
| ગોગળી | ૯૦૧ | ૧૩૪૧ |
| વટાણા | ૩૨૧ | ૪૭૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૫૦૦ |
| મરચા | ૮૦ | ૮૦૦ |
| ગુવાર | ૩૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૫૦ | ૨૫૦ |
| દુધી | ૫૦ | ૨૫૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૫૦૦ |
| કાકડી | ૮૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦ | ૩૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૭૦૦ |
| ગલકા | ૮૦ | ૪૦૦ |
| ગાજર | ૧૮૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૫૦૦ |
| વાલ | ૨૦૦ | ૭૦૦ |
| વટાણા | ૧૫૦૦ | ૨૮૦૦ |
| બટેટા | ૧૪૦ | ૨૬૦ |
| લીલી હળદર | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ડુંગળી પુરા | ૪ | ૧૦ |
| કોથમીર પુરા | ૨ | ૮ |
| મૂળા પુરા | ૫ | ૭ |
| કાચા કેળા | ૨૦૦ | ૩૦૦ |
| ચુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| અલવીપાન | ૧ | ૭ |
| પરવર | ૪૦૦ | ૬૦૦ |
| ગુંદા | ૮૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૧૮૦ | ૮૦૦ |
| લીંબુ | ૫૦૦ | ૪૦૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૦ |
| બીટ પુરા | ૧૦ | ૨૦ |
| સરગવો પુરા | ૨૦ | ૪૦ |
| ચોરા | ૨૦૦ | ૮૦૦ |
| કારેલા | ૧૦૦ | ૪૦૦ |
| વાલોર | ૧૮૦ | ૫૦૦ |
| મગફળી લીલી | ૫૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૮૦ | ૩૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૭૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૧૫ |
| પાલક પુરા | ૫ | ૧૦ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૯૦૦ | ૧૪૮૫ |
| શિંગદાણા ફાડા | ૧૫૫૦ | ૨૦૦૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૫૭૫ |
| તલ કાળા | ૨૦૪૦ | ૩૬૯૦ |
| ઘઉં ટુકડા | ૪૫૫ | ૬૮૦ |
| ઘઉં લોકવન | ૫૩૫ | ૬૦૦ |
| ચણા | ૧૦૯૫ | ૧૩૩૦ |
| સફેદ ચણા | ૧૨૨૦ | ૧૨૨૦ |
| તુવેર | ૧૧૨૦ | ૧૫૯૦ |
| કપાસ | ૮૦૦ | ૨૦૦૦ |
| એરંડા | ૧૩૦૦ | ૧૪૬૫ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૯૧૫ |
| રાયડો | ૧૪૮૫ | ૧૪૮૫ |
| રાય | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ધાણી | ૨૭૦૦ | ૨૮૭૫ |
| અજમા | ૨૩૫૦ | ૨૬૫૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૩૪૫ |
| સોયાબીન | ૧૦૫૦ | ૧૧૨૫ |
| કળથી | ૪૦૦ | ૫૧૫ |
| રજકાનુ બી | ૩૩૦૦ | ૯૩૭૦ |
| છોલે ચણા | ૧૩૦૦ | ૧૭૩૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૨૦ | ૨૩૦ |
| રીંગણા | ૨૧૦ | ૪૩૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૧૪૦ | ૨૫૦ |
| શકકરીયા | ૮૦૦ | ૧૨૦૦ |
| ટમેટાં | ૫૦૦ | ૬૦૦ |
| સુરણ | ૯૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૨૦૦ | ૨૫૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| મૂળા | ૧૬૦ | ૨૨૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૩૨૦ | ૪૩૦ |
| વટાણા | ૧૮૫૦ | ૨૦૦૦ |
| ચોળા લીલા | ૫૧૦ | ૬૧૦ |
| તુરીયા | ૭૩૦ | ૮૩૦ |
| વાલ | ૫૧૦ | ૬૨૦ |
| ભીંડો | ૫૧૦ | ૬૨૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૫૦૦ |
| મેથીભાજી | ૫૨૦ | ૬૪૦ |
| ફ્રોદીનો | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ટીંડોરા | ૬૫૦ | ૭૩૦ |
| બીટ | ૫૮૦ | ૬૭૦ |
| સરગવો | ૧૦૫૦ | ૧૨૫૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૨૦૦ |
| ડુંગળી લીલી | ૪૦૦ | ૫૦૦ |
| ડુંગળી સુકી | ૮૦૦ | ૯૦૦ |
| લસણ લીલું | ૧૬૦૦ | ૨૫૦૦ |
| લસણ સુકું | ૧૪૦૦ | ૨૬૦૦ |
| પાલક | ૪૫૦ | ૫૫૦ |
| લીંબુ | ૨૦૫૦ | ૩૦૫૦ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ દાણા | ૧૬૦૦ | ૧૯૨૫ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૦૦ |
| તલ કાળા | ૨૮૫૦ | ૩૫૦૦ |
| જીરૂ | ૩૮૧૩ | ૩૮૪૧ |
| કપાસ | ૧૬૦૦ | ૨૦૧૧ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૮૨ |
| ઘઉં ટુકડા | ૫૨૫ | ૫૮૦ |
| બાજરો | ૪૦૦ | ૪૮૫ |
| જુવાર | ૭૦૦ | ૧૪૦૩ |
| ચણા | ૧૧૫૦ | ૧૨૯૩ |
| તુવેર | ૧૪૦૦ | ૧૬૦૩ |
| **ધારી** | | |
| કપાસ A ગ્રેડ | ૧૯૦૫ | ૧૯૦૫ |
| કપાસ B ગ્રેડ | ૧૫૪૬ | ૧૭૩૦ |
| મગફળી | ૧૧૭૦ | ૧૧૭૦ |
| ઘઉં લોકવન | ૫૨૬ | ૫૨૬ |
| ચણા | ૧૧૭૫ | ૧૨૫૧ |
| તુવેર | ૧૪૪૦ | ૧૪૪૦ |
| તલ | ૨૦૫૦ | ૨૦૫૦ |
| બાજરો | ૪૫૫ | ૪૫૫ |
| કલોજી | ૩૨૫૦ | ૩૨૫૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૬૦૦ | ૨૦૦૪ |
| મગફળી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ઘઉ લોકવન | ૫૨૧ | ૫૬૫ |
| ઘઉ ટુકડા | ૫૫૫ | ૫૭૧ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૧૦૦ |
| ચણા | ૧૨૧૬ | ૧૨૧૬ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૫૧ |
| ધાણા | ૨૦૦૦ | ૨૦૦૦ |
| લસણ | ૫૦૦ | ૧૪૦૦ |
| તુવેર | ૫૦૦ | ૧૪૦૦ |
| મગ | ૫૦૦ | ૧૨૦૦ |
| શીંગદાણા | ૧૬૦૦ | ૧૮૦૦ |
| ડુગળી | ૩૫૦ | ૩૫૦ |
| મકાઈ | ૫૦૧ | ૫૦૧ |
| મેથી | ૯૫૦ | ૧૨૫૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૭૭૦ | ૨૦૨૦ |
| કપાસ મીડીયમ | ૧૩૧૦ | ૧૬૨૦ |
| જીરૂ | ૩૪૨૦ | ૪૧૨૦ |
| ચણા | ૧૧૭૦ | ૧૨૨૦ |
| ઘઉ | ૪૮૦ | ૫૩૫ |
| **ભેંસા** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૯૪૬ |
| ઘઉં | ૫૦૧ | ૫૮૫ |
| ચણા | ૧૦૦૧ | ૧૨૧૬ |
| તુવેર | ૧૧૩૧ | ૧૭૪૬ |
| મગફળી | ૮૪૧ | ૧૧૦૧ |
| ધાણા | ૨૩૩૧ | ૨૭૪૧ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૦૯૬ |
| લસણ | ૮૦૧ | ૧૨૪૧ |
| તલ કાળા | ૨૩૦૧ | ૩૩૮૧ |
| **કોડીનાર** | | |
| બાજરી હાઈબ્રીડ | ૪૫૦ | ૫૨૯ |
| ઘઉં | ૫૩૦ | ૬૧૮ |
| અડદ | ૧૨૦૦ | ૧૬૯૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૩૪ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૧૧ |
| રજકો | ૭૦૦૦ | ૯૦૦૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૧૨૮૫ | ૧૪૭૫ |
| બાજરી | ૪૧૫ | ૪૨૫ |
| ઘઉં | ૫૦૦ | ૫૭૭ |
| અડદ | ૯૫૦ | ૧૫૦૦ |
| તુવેર | ૧૧૮૫ | ૧૨૦૫ |
| ચણા | ૧૦૮૦ | ૧૨૪૭ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૧૫૫૫ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| તલી | ૧૮૦૦ | ૨૩૯૫ |
| તલ કાળા | ૧૯૩૦ | ૩૪૦૦ |
| એરંડા | ૧૪૦૦ | ૧૪૬૧ |
| લસણ | ૮૦૦ | ૨૩૨૦ |
| કપાસ | ૧૫૦૦ | ૧૯૦૫ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૧૦૫ |
| અજમો | ૧૯૩૦ | ૪૧૬૦ |
| અજમાની ભૂસી | ૨૦ | ૨૧૦૦ |
| ધાણા-ધાણી | ૧૫૦૦ | ૨૦૫૦ |
| ડુંગળી | ૩૦૦ | ૯૦૫ |
| વટાણા | ૨૦૦ | ૨૯૦ |
| કલોંજી | ૧૯૦૦ | ૪૦૭૦ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૧૯૫૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૭૦૧ | ૨૪૮૧ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૪૬૫ |
| કપાસ | ૧૨૨૫ | ૧૬૦૦ |
| બાજરો | ૪૨૫ | ૬૦૧ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૬૧૯ |
| જુવાર | ૬૦૦ | ૧૫૩૧ |
| તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૨૨૬ |
| મેથી | ૧૨૫૦ | ૧૨૫૦ |
| શીંગદાણા | ૧૭૦૦ | ૧૭૦૦ |

## શબ્દ સંજોગ-૨૨૬૮



**આડી ચાવી :**
(૧) વરસાદના કરા (૩)
(૩) એક ચોઘડીયું (૩)
(૬) દયા, સમભાવ (૩)
(૮) ઘટ, ખોટ (૩)
(૧૦) ૨૦ ઘા કાગળ (૨)
(૧૩) લોકોક્તિ (૪)
(૧૫) ઉંચો.....ગિરનાનો (૨)
(૧૭) એક ઝાડ (૨)
(૧૮) અમીર (૩)
(૨૧) કહાની, કથા (૨)
(૨૨) મોત (૨)
(૨૪) નવાપણું, નવીનતા (૩)
(૨૬) .....ખોરાક ન ખાવો જોઈએ (૨)
(૨૭) રૂપિયો, નાણું (૨)
(૨૯) સમતા, સરખાપણું (૨)
(૩૦) સરળ, શાંત (૩)
(૩૧) હરકત, વિઘ્ન (૪)
(૩૨) પ્રદેશ, ક્ષેત્ર (૨)

**ઉભી ચાવી :**
(૧) એક જાતનું કાપડ (૪)
(૨) હુન્નર, કસબ (૨)
(૩) કટોકટીનો સમય (૨)
(૪) પ્રસંગ, લાગ (૨)
(૫) વસ્તુનો છેડો (૨)
(૭) ખોટુ (૩)
(૯) તુટક નહીં તેવું (૩)
(૧૧) એક બ્રહ્મણ અટક (૩)
(૧૨) જીવન નિર્વાહ પેટે બાંધી આપેલી રકમ કે જમીન - ગરાસ (૩)
(૧૪) વડની ડાળીમાંથી ફૂટીને લબડતું મૂળ (૪)
(૧૬) ઢગલો, ગંજ (૨)
(૧૯) સરખુ, સમાન (૨)
(૨૦) વર્ણ, રંગ (૨)
(૨૩) ઘંઉના લોટની પાતળી વણીને થતી ગોળ વાની (૩)
(૨૫) કપાસની એક જાત (૩)
(૨૬) જમીનની આજુબાજુ કાંટા વગેરેથી કરેલી આડ (૨)
(૨૮) સામાન્ય (અં) (૩)
(૨૯) ઉંડો મર્મ, ભેદ (૨)
(૩૦) સતીત્વનો જુસ્સો (૨)

## શબ્દ સંજોગ-૨૨૬૭ જવાબ

**આડી ચાવી:** (૧) અકચ (૩) વલસાડ (૬) કલ્યાણ (૭) મગજ (૯) બદલી (૧૧) જવ (૧૩) રસ (૧૪) રમા (૧૬) કીર (૧૮) મહેલ (૨૦) સીતા (૨૩) આભા (૨૫) રવો (૨૬) સમરથ (૨૯) વલણ (૩૧) ડર (૩૪) અષાઢ (૩૫) રમેશ.
**ઉભી ચાવી:** (૧) અકબર (૨) ચકલી (૩) વણજ (૪) સામ (૫) ડગર (૮) જસત (૧૦) દમામ (૧૨) વકી (૧૫) વાલ (૧૭) રસી (૧૯) હેકટર (૨૧) તારણ (૨૨) રાસ (૨૪) ભાવ (૨૭) મનીષા (૨૮) થડ (૩૦) લટાર (૩૨) રફુ (૩૩) વશ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમરેલી શહેરના વિવિધ ગણેશ પંડાલોમાં VHP-બજરંગ દળ દ્વારા આરતી

અમરેલી, તા.૨૧



અમરેલી શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી જિલ્લા અને નગર, બજરંગ દળ, માતૃ શક્તિ તથા દુર્ગા વાહિની દ્વારા વિવિધ વિસ્તારો અને સંસ્થાઓના આયોજિત ગણેશ પંડાલોમાં દર્શન તથા આરતીનો કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા અધ્યક્ષ વિજયભાઈ દેસાઈની વિશેષ ઉપસ્થિતિ તથા સહ મંત્રી રશ્મિનભાઈ ત્રિવેદી અને નગર મંત્રી પંકજભાઈ કાનાણીના માર્ગદર્શન હેઠળ સારથી યુથ ક્લબ, લાઠી રોડ કા રાજા, મંગલમૂર્તિ મહિલા મંડળ, ગુરુદત્ત મંદિર, હિલ્ટન રિન્યુએબલ, સારથી ચેરિટેબલ ટ્રસ્ટ, જક્કાસ ગ્રુપ, શિવ પાર્ક સોસાયટી, પોસ્ટલ સોસાયટી, વિદ્યાગુરુ સાયન્સ સ્કૂલ, ચાઈલ્ડ કેર સ્કૂલ, અશ્વમેઘ ગ્રુપ, ઓમનગર સોસાયટી, નાગનાથ મંદિર અને સિદ્ધિ વિનાયક ગ્રુપના ગણેશ પંડાલોમાં દર્શન કરી આરતી ઉતારવામાં આવી હતી. આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી જિલ્લાના અધ્યક્ષ વિજયભાઈ દેસાઈ, સહ મંત્રી રશ્મિનભાઈ ત્રિવેદી, મનુભાઈ અસલાલીયા, ઉપાધ્યક્ષ રવિરાજભાઈ શેખવા, રમીલાબેન પટોલિયા, ઉપાધ્યક્ષા ગોપીબેન રાઠોડ, કોષાધ્યક્ષ ડો. પંકજભાઈ ત્રિવેદી, વિશેષ સંપર્ક પ્રમુખ ઈતેષભાઈ મહેતા, બજરંગ દળ કરણભાઈ વાજા,ભાર્ગવભાઈ માવાણી, ભવ્યભાઈ સવાણી, માધવભાઈ ભટ્ટ, આર્યાનભાઈ ભુવા, દર્શનભાઈ ઠુમ્મર, કૃણાલભાઈ ભુવા, આર્યનભાઈ જોષી, દુર્ગા વાહિની ગોપીબેન ચાવડા, હિરલબા વાળા અમરેલી નગરના મંત્રી પંકજભાઈ કાનાણી, ઉપાધ્યક્ષ રવિભાઈ પંડ્યા, ઉપાધ્યક્ષ મહેશભાઈ જળું, ગૌ રક્ષા પ્રમુખ ભોજરાજભાઈ વાળા,સહ મંત્રી લાલજીભાઈ ચાવડા,મેહુલભાઈ પરીખ, કુલદીપભાઈ વાળા,આશિષભાઈ જોષી, ઘનશ્યામભાઈ કાબરિયા, મહાદેવભાઈ ઠાકર, સાગરભાઈ રાઠોડ, પ્રશાંતભાઈ પરમાર, જીતુભાઈ બથવાર, અજયભાઈ રાઠોડ, બજરંગ દળ મયુરભાઈ જેઠવા, કિશનભાઈ ધંધુકિયા, કૃણાલભાઈ ત્રિવેદી, આશિષભાઈ ગોસ્વામી, વિશ્વાસભાઈ રાઠોડ, જયદીપભાઈ બતાડા, અનિરુદ્ધભાઈ ગુર્જર, વિનયભાઈ વડાંગર, સંજયભાઈ પંડ્યા, માતૃ શક્તિ આરતીબેન ચોવટીયા, પૂર્વીબેન ગોહિલ,મંજુબેન મકવાણા, દુર્ગા વાહિની વિશાખાબેન મકવાણા, હીરવાબેન મકવાણા, મુસ્કાનબેન મકવાણા હાજર રહ્યા હતા.

**માતૃ શક્તિ અને દુર્ગા વાહિનીના કાર્યકરોએ વિવિધ વિસ્તારોમાં ગણેશજીના દર્શન કરી આરતી ઉતારી**


# સાવરકુંડલામાં જેસર રોડની બિસ્માર હાલત અંગે નગરપાલિકામાં રજૂઆત

સાવરકુંડલા,તા.૨૧

સાવરકુંડલા નગરપાલિકાના વોર્ડ નં. ૮ના સદસ્ય મેધાબેન એચ. ગઢીયાએ ચીફ ઓફિસર અને પ્રમુખને પત્ર લખી જેસર રોડની બિસ્માર હાલત અંગે તાત્કાલિક રજૂઆત કરી છે. GUDC દ્વારા અગાઉ ભૂગર્ભ ગટર અને પાણીની લાઈનનું કામ કરાયા બાદ કોન્ટ્રાક્ટર દ્વારા રોડનું યોગ્ય રિસ્ટોરેશન ન કરાતા રસ્તા પર મોટા ખાડા, પથ્થરો અને કાંકરા પડ્યા છે. મુખ્ય માર્ગ હોવાથી શાળાના બાળકો, વાહનચાલકો સહિત હજારો નાગરિકોની અવરજવર રહે છે અને અકસ્માતનું જોખમ વધ્યું છે. મેધાબેને સાત દિવસમાં રોડનું લેવલીંગ તથા પેચવર્ક અને રિપેરીંગ કરાવવા માંગ કરી છે. કામગીરી ન થાય ત્યાં સુધી ખાડાઓ ફરતે બેરીકેટ અને ચેતવણી બોર્ડ મૂકવા પણ રજૂઆત કરાઈ છે. અકસ્માત સર્જાય તો નગરપાલિકા તંત્ર જવાબદાર રહેશે તેવી ચીમકી અપાઈ છે.

# સાવરકુંડલા સરકારી હોસ્પિટલમાં જટિલ ટ્યુબલ રીકેનલાઈઝેશન સર્જરી સફળ

સાવરકુંડલા,તા.૨૧



સાવરકુંડલા સરકારી હોસ્પિટલમાં તબીબોની નિષ્ણાત ટીમ દ્વારા મહિલાનું જટિલ ટ્યુબલ રીકેનલાઈઝેશન ઓપરેશન સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. અગાઉ બે સંતાનોના જન્મ બાદ મહિલાએ વંધ્યીકરણનું ઓપરેશન કરાવ્યું હતું. બંને સંતાનોના અવસાન બાદ ફરી માતૃત્વની ઈચ્છા થતાં તબીબી તપાસ કરાવવામાં આવી હતી. ડૉ. રિયાના માર્ગદર્શન હેઠળ ડૉ. હસમુખ, ડૉ. કુલદીપ અને નર્સિંગ સ્ટાફની ટીમે સફળ સર્જરી કરી હતી.

# સાવરકુંડલામાં જેસર રોડ પર બિસ્માર માર્ગથી છકડો રીક્ષાની એક્સેલ તૂટતા ચાલક માંડ બચ્યા

**ખખડધજ માર્ગથી વાહનચાલકોમાં ભારે આક્રોશ, તંત્ર તાયફા કરવામાં વ્યસ્ત**

સાવરકુંડલા,તા.૨૧



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા શહેરમાં નગરપાલિકાથી રેલવે સ્ટેશન તરફ જતા રોડની હાલત બિસ્માર બનતા વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. રોડ પર પડેલા મસમોટા ખાડાઓના કારણે વાહનોને નુકસાન થવાની ઘટનાઓ પણ સામે આવી રહી છે. મળતી માહિતી મુજબ, કનુભાઈ મોહનભાઈ ઓઢ છકડો રિક્ષા લઈને જેસર રોડ પરથી નગરપાલિકા તરફ જઈ રહ્યા હતા. દરમિયાન રેલવે સ્ટેશન રોડ પર આવેલા મોટા ખાડામાં રિક્ષા છકડું પટકાતા તેની એક્સેલ તૂટી ગઈ હતી. રોડ પર ઠેર-ઠેર ખાડાઓ હોવાથી રિક્ષા અને દ્વિચક્રી વાહનચાલકોને અકસ્માતનો ભય રહે છે. સ્થાનિકોએ અગાઉ પણ વાહનોને નુકસાન થયું હોવાનું જણાવ્યું હતું. સંબંધિત તંત્ર દ્વારા તાત્કાલિક રોડની મરામત કરી ખાડાઓ પૂરવાની માંગ ઉઠી છે.

# હરિદ્વારમાં લાખણોત્રા પરિવાર દ્વારા ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

રાજુલા, તા.૨૧



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા તાલુકાના કાગવદર ગામના ધર્મેશભાઈ નાથાભાઈ લાખણોત્રા પરિવાર દ્વારા સ્વ. ભીમાભાઈ માણસુરભાઈ વાઘ ખાંભલીયા તથા સર્વ પિતૃઓના મોક્ષાર્થે હરિદ્વારમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરાયું છે. તા.૨૦ સપ્ટેમ્બરથી શરૂ થયેલી કથામાં ૧૫૦ ભક્તો જોડાયા છે. નિજાત્મપ્રેમ ધામ આશ્રમ ખાતે સાગરભાઈ શાસ્ત્રીજી દ્વારા કથાનું રસપાન કરાવવામાં આવી રહ્યું છે. ભક્તો ગંગાસ્નાન કરી કથાશ્રવણ સાથે વિવિધ ધાર્મિક સ્થળોના દર્શન કરી રહ્યા છે.

# ગીર સોમનાથમાં શેરડી-ગોળ ઉત્પાદક ખેડૂતોની બેઠકમાં મહત્વના નિર્ણયો

કોડીનાર, તા.૨૧



તસવીર : કુલદીપ પાઠક

ગીર સોમનાથ જિલ્લા શેરડી તથા ગોળ ઉત્પાદક ખેડૂત મંડળની સામાન્ય સભા કોડીનારના બાપેશ્વર મંદિર ખાતે પ્રમુખ બાલુભાઈ ગોહિલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બેઠકમાં શેરડીની ખરીદી, ગોળનું ઉત્પાદન અને વેચાણ સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરી મહત્વના નિર્ણયો લેવાયા હતા. અપૂરતા વરસાદને કારણે અંદાજે ૫૦ હજાર ટન શેરડીનો ઉપયોગ ઘાસચારા તરીકે થયો હોવાનું જણાવાયું હતું. ઓછા વરસાદથી શેરડીના પાકમાં રોગચાળાનું પ્રમાણ વધવા અંગે પણ ચિંતા વ્યક્ત કરાઈ હતી. આઈ.પી. એલ. કંપની દ્વારા બિલેશ્વર ખાંડ ઉદ્યોગ શરૂ થતાં શેરડીની ખરીદી અને બજાર પર થનારી અસર અંગે ચર્ચા થઈ હતી. ગત સિઝનનો આશરે સાત લાખ ડબ્બા ગોળનો જથ્થો કોલ્ડ સ્ટોરેજમાં હોવાથી નવા ગોળના ભાવ પર દબાણ આવવાની શક્યતા વ્યક્ત કરી ખેડૂતોને સાવચેતી રાખવા અપીલ કરાઈ હતી. કોડીનારની એ.સી. એન્ડ કંપની પેઢી સામે રૂ.૪ કરોડથી વધુની છેતરપિંડીના આક્ષેપોની ચર્ચા બાદ ખેડૂતોને ત્યાં ગોળ ન આપવાનો નિર્ણય લેવાયો હતો.

# ગીર સોમનાથમાં સ્વનિર્ભર શાળાના સંચાલકોની શિક્ષણ વિભાગને રજૂઆત

ઉના,તા.૨૧



ગીર સોમનાથ જિલ્લામાં સ્વનિર્ભર શાળાઓના સંચાલકોએ FRC ફી, RTE અને શાળાઓની સ્વાયત્તતા સહિતના પડતર પ્રશ્નોના ઉકેલની માંગ સાથે આજે શિક્ષણ વિભાગ સમક્ષ રજૂઆત કરી હતી. જિલ્લાભરની ખાનગી શાળાના સંચાલકો મોટી સંખ્યામાં જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) કચેરીએ પહોંચ્યા હતા. સંચાલકોએ DEO એમ. વી. બોરીચાને આવેદનપત્ર આપી વિવિધ પ્રશ્નોના ઝડપી ઉકેલની માંગ કરી હતી. સ્વનિર્ભર શાળા સંચાલકોએ જણાવ્યું હતું કે, શિક્ષણ ક્ષેત્રના નીતિગત મુદ્દાઓમાં સરકારે વ્યવહારુ અભિગમ અપનાવવો જોઈએ. શાળાઓની સ્વાયત્તતા, FRC ફી, RTE હેઠળની ફીની ચુકવણી તેમજ શાળા સંચાલકો પાસેથી માંગવામાં આવતી વિવિધ વિગતો સહિતના પ્રશ્નો અંગે રજૂઆત કરવામાં આવી હતી. સંચાલકોએ પડતર પ્રશ્નોનો વહેલી તકે ઉકેલ લાવવા માંગ કરી હતી.

# અમરેલી જિલ્લા સ્વનિર્ભર શાળાઓના પડતર પ્રશ્નો ઉકેલવા માંગ

**ચાર મુખ્ય માંગણીઓનો સકારાત્મક ઉકેલ નહી આવે તો ગાંધીચીંધ્યા માર્ગે આંદોલનની ચીમકી**

અમરેલી,તા.૨૧



અમરેલી જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને રાજ્યભરની સ્વનિર્ભર શાળાઓના પડતર પ્રશ્નોનો સકારાત્મક ઉકેલ લાવવા માંગ કરવામાં આવી છે. પ્રમુખ પંકજભાઈ મહેતા, અધ્યક્ષ કમલેશભાઈ હડીયા અને મહામંત્રી રાજુભાઈ ધાનાણી દ્વારા રજૂ થયેલા આવેદનપત્રમાં જણાવાયું છે કે ગુજરાતમાં ૧૭ હજારથી વધુ સ્વનિર્ભર શાળાઓમાં આશરે ૫૦ લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને ૭ લાખથી વધુ શિક્ષકો તથા કર્મચારીઓ સેવા આપે છે. રાજ્યના શિક્ષણ ક્ષેત્રમાં આ શાળાઓનો ફાળો ૬૦ ટકાથી વધુ છે. મંડળે FRC પ્રક્રિયા સરળ બનાવવા માંગ કરી છે, જેમાં દર વર્ષે ૧૦ ટકા કે તેથી ઓછો ફી વધારો કરતી શાળાઓને સીધી મંજૂરી આપવા જણાવાયું છે. સાથે RTE હેઠળના વિદ્યાર્થીઓની ફીની ચૂકવણી હાઈકોર્ટના માર્ગદર્શન મુજબ કરવા, શિક્ષણ (સુધારા) વિધેયક ૨૦૨૬માં કર્મચારીઓની નિમણૂક અને છૂટા કરવાની સત્તા સંચાલકો પાસે રાખવા તેમજ સરકારી પરિપત્રો અને માહિતી માટે એક કોમન પોર્ટલ બનાવવા પણ રજૂઆત કરાઈ છે. જિલ્લા શિક્ષણાધિકારીને પાઠવેલા પત્રમાં જણાવાયું છે કે વારંવારની રજૂઆત છતાં અમલવારી થઈ નથી. જો ઝડપથી નિરાકરણ નહીં આવે તો ગાંધીચીંધ્યા માર્ગે આંદોલનાત્મક પગલાં લેવાની ફરજ પડશે.

# SGVP ગુરુકુળમાં પીએમ નરેન્દ્ર મોદીના જન્મદિને વિશેષ પૂજન અને મહાઆરતી

અમદાવાદ, તા.૨૧



એસજીવીપી ગુરુકુળના અધ્યક્ષ સ્વામી માધવપ્રિયદાસજી તથા સ્વામી બાલકૃષ્ણદાસજીની પાવન ઉપસ્થિતિમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૬મા જન્મદિન નિમિત્તે વિશેષ પૂજન અને મહાઆરતીનું મંગળ આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુકુળના સેંકડો વિદ્યાર્થીઓ અને ભક્તોએ ઉપસ્થિત રહી વડાપ્રધાનના નિરામય અને દીર્ઘાયુ માટે ભગવાનને પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, મેયર હિતેશ બારોટ, ભાજપ શહેર પ્રમુખ પ્રેરક શાહ, ભાજપ શહેર મહામંત્રી દર્શક ઠાકર સહિતના આગેવાનો પોતાના સાથીદારો સાથે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ધાર્મિક વિધિ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લાંબા આયુષ્ય, સારા સ્વાસ્થ્ય અને દેશની સતત પ્રગતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

# ઉનાના ઉપલા રહીમનગરમાં વર્ષો જૂની ગટર સમસ્યાનો ઉકેલ

ઉના,તા.૨૧



તસવીર : કૈલેશ ભટ્ટ

ઉનાના ઉપલા રહીમનગર વિસ્તારમાં વર્ષોથી ગટર અને ગંદા પાણીના નિકાલની સમસ્યાથી સ્થાનિક રહીશો પરેશાન હતા. આ અંગે અવારનવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હતી. સ્થાનિક રહીશોએ નગરપાલિકા સભ્ય વિનોદભાઈ બાંભણિયાનું ધ્યાન દોરતાં તેઓ સ્થળ પર પહોંચ્યા હતા અને સમગ્ર પરિસ્થિતિની ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ સમક્ષ રજૂઆત કરી હતી. રજૂઆતને પગલે નગરપાલિકાના અધિકારીઓની ટીમે સ્થળનું નિરીક્ષણ કર્યું હતું. ચીફ ઓફિસરની આગેવાની હેઠળ ઈમરજન્સી ડ્રેનેજ વિભાગના કોન્ટ્રાક્ટર કમલેશભાઈ સહિતની ટીમે તાત્કાલિક કામગીરી હાથ ધરી હતી. JCB મશીન તથા કર્મચારીઓની મદદથી જરૂરી સ્થળે પાઈપલાઈન ફિટ કરી ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કામગીરીથી સ્થાનિકોને વર્ષોથી સતાવતી ગટર સમસ્યામાં રાહત મળી છે. દિવાળી બાદ સમગ્ર ઉપલા રહીમનગર વિસ્તારને ભૂગર્ભ ગટર યોજનામાં આવરી લેવા જરૂરી કામગીરી હાથ ધરવા અધિકારીઓને સૂચના આપવામાં આવી હોવાનું જણાવાયું છે.

# વડિયા-કુંકાવાવમાં બંધ એસ.ટી. બસ સેવા ફરી શરૂ કરવાની માંગ

વડિયા,તા.૨૧

વડિયા-કુંકાવાવ પંથકમાં બંધ કરવામાં આવેલી એસ.ટી. બસ સેવા ફરી શરૂ કરવાની માંગ ઉઠી છે. બસ સેવા બંધ થતાં ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ, નોકરી-ધંધા માટે અપડાઉન કરતા લોકો તેમજ સામાન્ય મુસાફરોને હાલાકી ભોગવવી પડી રહી છે. ખાસ કરીને સવારના સમયે શાળા-કોલેજ જતા વિદ્યાર્થીઓ માટે પૂરતી પરિવહન સુવિધા ન હોવાથી તેમને ખાનગી વાહનોનો સહારો લેવો પડે છે.

ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાંથી વડિયા, કુંકાવાવ અને અમરેલી તરફ આવન-જાવન કરતા મુસાફરોને પણ મુશ્કેલી પડી રહી છે. આ મામલે કુંકાવાવ તાલુકા ભાજપના મહામંત્રી શૈલેષ ઠુંમરે એસ.ટી. વિભાગના અધિકારીઓને લેખિત રજૂઆત કરી બંધ પડેલી બસ સેવા તાત્કાલિક પુનઃ શરૂ કરવા તથા મુસાફરોની સુવિધાને પ્રાથમિકતા આપવા માંગ કરી છે.

હવે એસ.ટી. તંત્ર દ્વારા આ રજૂઆત અંગે શું નિર્ણય લેવાય છે તેના પર સૌની નજર છે.


**ઘનશ્યામનગર પ્રાથમિક શાળા - કુંકાવાવ**

તા. કુંકાવાવ-વડિયા, જી. અમરલી

**જાહેર હરરાજી**

આથી શાળાનો જર્જરિત ઈમલો જાહેર હરરાજીથી ખરીદવા રસ ધરાવતા ઈસમોને જાણ કરવામાં આવે છે, કે જીલ્લા શિક્ષણ સમિતિની તા.૩૦.૦૯.૨૦૨૫ તથા SMC ના ઠરાવ નં.૧૦૩ મુજબ કુંકાવાવ તાલુકાની ઘનશ્યામનગર પ્રા.શાળાનાં સ્લેબ વાળા રૂમ પાંચ (૫) તથા જુનું સેનિટેશનની જે તે સ્થિતિમાં ફક્ત ઈમલા (કાટમાળ)ની જાહેર હરરાજી તા.૦૧/૧૦/૨૦૨૬ ને ગુરુવાર ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે શાળાના મેદાનમાં રાખવામાં આવેલ છે. ઈમલા (કાટમાળ)ની સ્થળ સ્થિતિ કચેરી સમય દરમ્યાન જોઈ શકાશે. રસ ધરાવતા ઈસમોએ શરતોને આધીન સ્વ ખર્ચે હરરાજીમાં ભાગ લેવા જાહેર નિવેદન કરવામાં આવે છે.સદર ઈમલાના નિયમો અને શરતો સ્થળ પર રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે

નોંધ: પુરા ઈમલાની અપસેટ કિંમત રૂપિયા ૩૧૧૫૭/- (એકત્રીસ હજાર એકસો સતાવન પુરા) છે.

ઢોલરીયા ધનજીભાઈ વી.
સભ્ય સચિવ,
એસ.એમ.સી.
ઘનશ્યામનગર પ્રા.શાળા-કુંકાવાવ

રાઠોડ ચિરાગભાઈ વી.
અધ્યક્ષ,
એસ.એમ.સી.
ઘનશ્યામનગર પ્રા.શાળા-કુંકાવાવ

# અમરેલીમાં પી.પી.સોજીત્રા ફાઉન્ડેશન દ્વારા ૧૭૩ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય અર્પણ







**સાંસદ ભરતભાઈ સુતરીયા અને મંત્રી કૌશિકભાઈ વેકરીયાની હાજરીમાં વિદ્યાર્થીઓને ચેક વિતરણ કરાયુ**

અમરેલી,તા.૨૧

અમરેલીમાં પી.પી.સોજીત્રા ફાઉન્ડેશન તરફથી જરૂરિયાતમંદ અને તેજસ્વી ૧૭૩ વિદ્યાર્થીઓને રૂા.૨૩.૫૦ લાખના ચેક આપવાનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા અને સાંસદ ભરતભાઈ સુતરીયા ખાસ હાજર રહ્યા હતાં. ત્રણ વર્ષ પહેલાં પી.પી.સોજીત્રાના ૬૨મા જન્મદિવસે આ ફાઉન્ડેશનની સ્થાપના કરવામાં આવી હતી. હાલમાં ફાઉન્ડેશન પાસે કુલ ૨.૭૫ કરોડનું ફંડ ભેગું થયેલ છે અને તેના વ્યાજમાંથી દરવર્ષે શિષ્યવૃતિ સહાય આપવામાં આવે છે. કાર્યક્રમમા પી.પી. સોજીત્રાએ જણાવ્યુ કે શિક્ષણ દિવસે દિવસે મોંઘુ થતુ જાય છે જેથી આગામી ૩ થી ૪ વર્ષમાં ફાઉન્ડેશનનું ફંડ ૫ કરોડ સુધી પહોંચાડવાનો નિર્ણય કર્યો છે. જેના માટે તેઓ પોતાની વાર્ષિક આવક માંથી ૧૦ ટકા રકમ આપશે. આ પ્રસંગે ભાવિનભાઈ સોજીત્રા અને વિમલભાઈ કથીરીયા દ્વારા ૧૧-૧૧ લાખ રૂપિયા દાન આપવાની જાહેરાત કરવામાં આવી હતી. તદુપરાંત અન્ય દાતાઓ પણ મોટી રકમનું યોગદાન આપવા માટે આગળ આવ્યા હતાં. ડો. ભરતભાઈ કાનાબાર અને પિયુષભાઈ ધાનાણીએ પણ શિક્ષણ ક્ષેત્રે આ કાર્યને બિરદાવ્યા હતાં. મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવેલ કે ૫ કરોડનું લક્ષ્ય પુરુ કરવા તેઓ પણ મદદરૂપ બનશે. આ પ્રસંગે અનેક અગ્રણીઓ અને નેતાઓ ઉપસ્થિત રહ્યા હતાં અને કાર્યક્રમનું સંચાલન પ્રકાશભાઈ જોષી દ્વારા કરવામાં આવ્યું હતું.

## જયંત ચૌધરી સાથે ક્રિકેટર શમીની મુલાકાત બાદ રાજકીય અટકળો તેજ

અમરોહા, તા.૨૧

ક્રિકેટર મોહમ્મદ શમીની રાષ્ટ્રીય લોકદળના પ્રમુખ જયંત ચૌધરી સાથે દિલ્હીમાં થયેલી મુલાકાત બાદ અમરોહાના રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ બની છે. જયંત ચૌધરીએ મુલાકાતનો ફોટો સોશિયલ મીડિયા પર શેર કર્યા બાદ શમી આગામી ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં અમરોહા બેઠક પરથી રાજકીય પદાર્પણ કરશે તેવી અટકળો શરૂ થઈ છે. જોકે, શમી કે આરએલડી તરફથી ચૂંટણી લડવા અથવા પક્ષમાં જોડાવા અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. શમી અમરોહાના સહસપુર અલીનગરના રહેવાસી છે. અગાઉ તેમના મોટા ભાઈ મોહમ્મદ હસીબને પણ અમરોહા બેઠક પરથી સંભવિત ઉમેદવાર તરીકે ચર્ચામાં લેવામાં આવ્યા હતા. હાલ શમી પોતે ચૂંટણી લડશે કે પરિવારના કોઈ સભ્યને મેદાનમાં ઉતારવામાં આવશે તે અંગે સ્થિતિ સ્પષ્ટ નથી.

## ડૂસૂ ચૂંટણીમાં પ્રચારકો લકઝરી કારમાં આવતા હોવાની અભિજીત દીપકેનો આક્ષેપ

નવીદિલ્હી, તા.૨૧



કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના કન્વીનર અભિજીત દીપકે ડૂસૂ ચૂંટણીમાં નાણાંની ભૂમિકા અંગે આક્ષેપ કર્યા છે. તાજેતરની દિલ્હી યુનિવર્સિટી વિદ્યાર્થી સંઘની ચૂંટણીમાં એબીવીપીએ ચાર પૈકી ત્રણ કેન્દ્રીય પદો જીત્યાં હતાં. પ્રમુખ, સચિવ અને સંયુક્ત સચિવ પદ એબીવીપીએ મેળવ્યાં, જ્યારે ઉપપ્રમુખ પદ અપક્ષ ઉમેદવાર દીપાંશુ શૌકીન જીત્યા હતા. દીપકે દાવો કર્યો કે ચૂંટણી પ્રચારમાં કેટલાક પ્રચારકો કરોડોની કિંમતની રોલ્સ-રોયસ, ઓડી અને બીએમડબ્લ્યુ જેવી લક્ઝરી કારમાં આવે છે અને નાણાં ચૂંટણીને પ્રભાવિત કરે છે. તેમણે યુનિવર્સિટીઓમાં વિચારધારાત્મક દખલના આક્ષેપ સાથે વિદ્યાર્થીઓ સામે એફઆઈઆર અંગે પણ સવાલો ઉઠાવ્યા. મહારાષ્ટ્ર લોકસેવા આયોગની પરીક્ષા વ્યવસ્થા અંગે તેમણે ઉમેદવારોના અસંતોષનો ઉલ્લેખ કરી અભિયાન શરૂ કરવાની જાહેરાત કરી. આ ઉપરાંત આઈઆઈટી બોમ્બેના વિદ્યાર્થીના મૃત્યુના સંદર્ભમાં તેમણે શિક્ષણ પ્રણાલીમાં વિશ્વાસ અને માનસિક આરોગ્ય સહાયના મુદ્દા ઉઠાવ્યા. જોકે, તેમના આક્ષેપો અંગે સ્વતંત્ર પુષ્ટિ અહીં ઉપલબ્ધ નથી. પારદર્શક પરીક્ષા અને માનસિક સહાયથી વિદ્યાર્થીઓનો વિશ્વાસ જાળવી શકાય છે, તેમ જણાવ્યું.

## ટીએમસીના નામ-ચિહ્ન ફ્રીઝ મામલે સુપ્રીમ કોર્ટમાં તાત્કાલિક સુનાવણી

નવીદિલ્હી, તા.૨૧

સુપ્રીમ કોર્ટે તૃણમૂલ કોંગ્રેસના નામ અને ચૂંટણી ચિહ્ન ફ્રીઝ કરવાના ચૂંટણી પંચના વચગાળાના નિર્ણયને પડકારતી મમતા બેનર્જીની અરજી તાત્કાલિક સુનાવણી માટે સૂચિબદ્ધ કરવા સંમતિ આપી છે. વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચ સમક્ષ તાત્કાલિક સુનાવણીની માંગ કરી હતી. ચૂંટણી પંચે ૧૭ સપ્ટેમ્બરના વચગાળાના નિર્ણયમાં બંને હરીફ જૂથોને 'ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ' નામ અને 'ઘાસ-ફૂલ' ચિહ્નનો ઉપયોગ કરવા પર રોક લગાવી હતી. ત્યારબાદ બંને જૂથોને અલગ નામ અને ચિહ્ન ફાળવવામાં આવ્યાં હતાં. મમતા બેનર્જી જૂથને 'મમતા ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ' નામ અને 'ફૂટબોલ ખેલાડી' ચિહ્ન, જ્યારે હરીફ જૂથને 'ડેમોક્રેટિક તૃણમૂલ કોંગ્રેસ' નામ અને 'પરબીડિયું' ચિહ્ન ફાળવાયું છે.

## પંજાબમાં ભાજપ સત્તા પર આવશે તો ૬ મહીનામાં ડ્રગ્સનું નેટવર્ક તોડી નખાશે : શિવરાજસિંહ ચૌહાણ

નવી દિલ્હી, તા.૨૧




પંજાબમાં ડ્રગ્સના મુદ્દે રાજકીય ટકરાવ વચ્ચે કેન્દ્રીય કૃષિ અને ગ્રામ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ભગવંત માન સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તલવંડી સાબોમાં ભાજપની 'નશામુક્ત પંજાબ યાત્રા'ના ચોથા તબક્કાને લીલી ઝંડી આપતા ચૌહાણે રાજ્ય સરકાર ડ્રગ્સની સમસ્યા રોકવામાં નિષ્ફળ રહી હોવાનો આક્ષેપ કર્યો હતો. ચૌહાણે ડ્રગ્સના વેપાર પાછળના લોકોને રક્ષણ કોણ આપે છે તે અંગે પણ સવાલો ઉઠાવ્યા હતા. તેમણે દાવો કર્યો કે ભાજપ સત્તામાં આવશે તો છ મહિનામાં ડ્રગ્સનું સમગ્ર નેટવર્ક તોડી પાડવામાં આવશે. દરમિયાન મુખ્યમંત્રી ભગવંત માને ભાજપના આ અભિયાન સામે વળતો પ્રહાર કર્યો છે અને સરકારની ડ્રગ્સ વિરોધી કામગીરીનો ઉલ્લેખ કર્યો છે.

ભાજપની 'નશામુક્ત પંજાબ યાત્રા' ૧૮ સપ્ટેમ્બરથી શરૂ થઈ છે અને ૩૦ સપ્ટેમ્બરે જલંધરમાં પૂર્ણ થવાની છે. યાત્રા રાજ્યના ૧૧૭ વિધાનસભા મતવિસ્તારો સુધી પહોંચવાનું આયોજન ધરાવે છે.

## લાતુરમાં યુવાનની હત્યા કેસમાં NCPના કોર્પોરેટર સહિત ત્રણ આરોપીઓની ધરપકડ

મુંબઈ, તા.૨૧



મહારાષ્ટ્રના લાતુરમાં પરલીના ૩૫ વર્ષીય શેખ મન્સૂર અલીની હત્યાના કેસમાં NCPના અજિત પવાર જૂથના કોર્પોરેટર અલ્તાફ ખાન સરદાર ખાન પઠાણ સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ૧૬ સપ્ટેમ્બરની રાત્રે હોટેલ આમેરના પરિસરમાં આ ઘટના બની હતી. પોલીસ મુજબ, રેતીના ધંધા સાથે સંકળાયેલા આશરે રૂ.૧૦ લાખના જૂના નાણાકીય વિવાદને લઈને મન્સૂર અલીનો આરોપીઓ સાથે ઝઘડો થયો હતો. ત્યારબાદ હોટેલની બહાર તેમના પર ધારદાર હથિયાર અને ફરશીથી હુમલો કરવામાં આવ્યો હતો. ગંભીર રીતે ઘાયલ મન્સૂર અલીને સરકારી હોસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ કેસમાં અલ્તાફ પઠાણ, ખાલેદ હમીદ શેખ અને ઉમર મહેબૂબ શેખની ધરપકડ કરાઈ છે. પોલીસે CCTV ફૂટેજ સહિતના પુરાવાના આધારે તપાસ શરૂ કરી છે. મૃતકના પરિવારજનો અને મિત્રએ આરોપીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી છે.

## યુપી ચૂંટણી માટે ઓવૈસીએ વિપક્ષી પક્ષોને ગઠબંધનની ઓફર કરી

લખનૌ, તા.૨૧



૨૦૨૭ની ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીને લઈને એઆઈએમઆઈએમના વડા અસદુદ્દીન ઓવૈસીએ વિપક્ષી પક્ષો સાથે ગઠબંધનની ઓફર કરી છે. કાનપુરમાં સભાને સંબોધતાં ઓવૈસીએ જણાવ્યું કે AIMIM ચૂંટણી એકલા લડવા કરતાં ગઠબંધન સાથે લડવા માંગે છે અને ૨ ઓક્ટોબર સુધીમાં ગઠબંધન અંગે નિર્ણય જાહેર કરવામાં આવશે.

ઓવૈસીએ ભાજપને સત્તામાં પરત આવવાથી રોકવા માટે વિપક્ષી પક્ષોને સાથે આવવાનું આહ્વાન કર્યું હતું. તેમણે અગાઉ બિહાર ચૂંટણી દરમિયાન છ બેઠકો માટે ગઠબંધનની કરેલી ઓફરનો પણ ઉલ્લેખ કર્યો હતો. ઉત્તર પ્રદેશમાં આગામી ચૂંટણી માટે AIMIM સંગઠન મજબૂત કરી રહી છે અને ગઠબંધન અંગેની સ્થિતિ ૨ ઓક્ટોબરે સ્પષ્ટ થવાની શક્યતા છે.

## મહારાષ્ટ્ર શિક્ષક પાત્રતા પરીક્ષા પેપર લીક કેસમાં બે મુખ્ય આરોપીઓ ઝડપાયા

થાણે, તા.૨૧



ભિવંડી પોલીસે મહારાષ્ટ્ર શિક્ષક પાત્રતા પરીક્ષા (TET) પેપર લીક કેસમાં બીડ અને બિહારથી ફરાર બે આરોપી પ્રકાશ મિસાલ અને અશોક સાવનીની ધરપકડ કરી છે. તેમની ધરપકડ સાથે ચાર્જશીટમાં નામ ધરાવતા તમામ ૧૮ આરોપીઓ પોલીસના હાથે ઝડપાયા છે. પોલીસની વિશેષ તપાસ ટીમે ટેકનિકલ માહિતી, નાણાકીય વ્યવહારો અને લોકેશન લોગના આધારે આરોપીઓને શોધી કાઢ્યા હતા. તપાસમાં મહારાષ્ટ્ર, બિહાર, ઉત્તર પ્રદેશ અને દિલ્હીમાં ફેલાયેલા પરીક્ષા ગેરરીતિના નેટવર્કનો પર્દાફાશ થયો હતો. પોલીસે ચાર સેટ પ્રશ્નપત્રો જપ્ત કર્યા હતા.

## ભારતને હિન્દુ રાષ્ટ્ર બનાવવાના સંદેશ સાથે બાબા બાગેશ્વર કાઢશે રથયાત્રા

ભોપાલ, તા.૨૧



બાગેશ્વર ધામના મહંત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ નવરાત્રિ દરમિયાન ભારતને હિન્દુ રાષ્ટ્ર બનાવવાના સંદેશ સાથે પાંચ દિવસની રથયાત્રા કાઢવાની જાહેરાત કરી છે. ૧૧ ઓક્ટોબરથી શરૂ થનારી આ યાત્રા પાંચ દિવસમાં આશરે ૫૦૦ કિલોમીટરનું અંતર કાપશે. યાત્રા છતરપુરના ગઢાથી શરૂ થઈ અજયગઢ, પન્ના, અમનગંજ, પવઈ, સાગર, દામોહ, હટા અને ટીકમગઢ થઈ પરત ગઢા પહોંચશે. યાત્રામાં સેંકડો સંતો જોડાશે. દિવસ દરમિયાન હનુમાન ચાલીસાના પાઠ, રાત્રે હવન તથા હિન્દુ રાષ્ટ્ર માટે પ્રતિજ્ઞા સહિતના કાર્યક્રમો યોજાશે. અગાઉ ધીરેન્દ્ર શાસ્ત્રીએ નવેમ્બર ૨૦૨૪માં ૧૬૦ કિલોમીટરની હિન્દુ એકતા યાત્રા અને નવેમ્બર ૨૦૨૫માં ૧૦ દિવસની સનાતન એકતા પદયાત્રાનું આયોજન કર્યું હતું.

## જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં ભારે હોબાળો, ધારાસભ્યો વચ્ચે ધક્કામુક્કી

શ્રીનગર, તા.૨૧



જમ્મુ-કાશ્મીર વિધાનસભાના પાનખર સત્રના પ્રથમ દિવસે ભારે હોબાળો થયો હતો. સત્ર શરૂ થયા બાદ ભાજપના ધારાસભ્યોએ વીજળીના વધેલા દર પરત ખેંચવા, રાષ્ટ્રીય આરોગ્ય મિશન (એનએચએમ) કર્મચારીઓના પ્રશ્નો ઉકેલવા તથા દૈનિક વેતનદારોને નિયમિત કરવાની માંગ સાથે પ્લેકાર્ડ દર્શાવી વિરોધ કર્યો હતો. પ્રશ્નકાળ શરૂ થતાં ભાજપના સભ્યો પોતાની બેઠકો પરથી ઊભા થઈ સૂત્રોચ્ચાર કરવા લાગ્યા અને બાદમાં ગૃહના વેલમાં પહોંચી ગયા હતા. આ દરમિયાન સત્તાપક્ષ અને વિરોધપક્ષના ધારાસભ્યો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ધક્કામુક્કીની સ્થિતિ સર્જાઈ હતી. સ્થિતિને કાબૂમાં લેવા માર્શલોએ દરમિયાનગીરી કરી હતી.

સ્પીકર અબ્દુલ રહીમ રાથરે સભ્યોને શાંતિ જાળવવા અને કાર્યવાહી ચાલુ રહેવા દેવા અપીલ કરી હતી. જોકે, હોબાળો ચાલુ રહેતાં તેમણે ગૃહની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરી દીધી હતી. સાત બેઠકો ધરાવતું પાનખર સત્ર ૨૧થી ૩૦ સપ્ટેમ્બર સુધી ચાલવાનું છે.

## ઈટાલીની શાળાઓના દરેક વર્ગમાં બુરખા-નિકાબ પર પ્રતિબંધનો પીએમ જ્યોર્જિયા મેલોનીએ પ્રસ્તાવ મુક્યો

રોમ, તા.૨૧





ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ શાળાઓમાં બુરખા અને નિકાબ પર પ્રતિબંધ મૂકવા તેમજ દરેક વર્ગમાં વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા મર્યાદિત કરવાનો પ્રસ્તાવ જાહેર કર્યો છે. રોમમાં બ્રધર્સ ઓફ ઈટાલીના યુવા સંગઠનના કાર્યક્રમમાં તેમણે આ જાહેરાત કરી હતી. પ્રસ્તાવ હેઠળ શાળા વ્યવસ્થામાં ગંભીર રીતે એકીકૃત થવામાં મુશ્કેલી અનુભવતા વિદેશી વિદ્યાર્થીઓના વાલીઓને ઈટાલિયન ભાષાના વર્ગોમાં હાજરી આપવી ફરજિયાત બની શકે છે.

મેલોનીએ જણાવ્યું હતું કે ઈટાલીમાં ભવિષ્ય બનાવવા આવનાર વ્યક્તિએ ઈટાલિયન ભાષા શીખવી, સંસ્કૃતિ સમજવી અને કાયદાનું સન્માન કરવું જરૂરી છે. સરકારની મંજૂરી બાદ પ્રસ્તાવને કાયદો બનવા માટે સંસદની મંજૂરી લેવી પડશે. જોકે, પ્રતિ વર્ગ વિદેશી વિદ્યાર્થીઓની ચોક્કસ મર્યાદા હજુ જાહેર કરવામાં આવી નથી. ઈટાલીમાં ૨૦૨૭માં સામાન્ય ચૂંટણી યોજાવાની છે અને સ્થળાંતર તથા શાળાઓમાં એકીકરણના મુદ્દાઓ ચર્ચામાં છે.

# હિંમતનગર નજીક સ્કોર્પિયોએ ૧૦થી વધુ પદયાત્રીઓને અડફેટે લીધા

### દોલગઢ પાટિયા પાસે અકસ્માત બાદ રોષે ભરાયેલા ટોળાએ કારને આગ ચાંપી



હિંમતનગર,તા.૨૧

સાબરકાંઠાના હિંમતનગર નજીક દોલગઢ પાટિયા પાસે પૂરઝડપે આવેલી સ્કોર્પિયોએ ૧૦થી વધુ પદયાત્રીઓને અડફેટે લેતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતને પગલે ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી. પ્રાપ્ત વિગતો મુજબ, પદયાત્રીઓને ટક્કર માર્યા બાદ કારચાલકે વાહન રોકવાને બદલે સ્થળ પરથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, સ્થાનિક લોકો અને પદયાત્રીઓએ કારને રોકી લીધી હતી. અકસ્માતથી રોષે ભરાયેલા ટોળાએ સ્કોર્પિયોને આગ ચાંપી દીધી હતી, જેના કારણે કાર જોતજોતામાં બળીને ખાખ થઈ ગઈ હતી. ઘટનાને પગલે સ્થળ પર લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા. ઉપસ્થિત લોકોના જણાવ્યા મુજબ, ફોરલેન હાઈવે પર ભારે અને બેફામ વાહનોની અવરજવર પર પ્રતિબંધ હોવા છતાં નિયમોનું પાલન થતું નથી. વાહનોની બેફામ અવરજવરના કારણે પદયાત્રીઓ અને રાહદારીઓના જીવને જોખમ ઊભું થઈ રહ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

# સોમનાથ મંદિર, કોબા કમલમ સહિતના સ્થળોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી




અમદાવાદ,તા.૨૧

ગુજરાતને ફરી એકવાર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સુરક્ષા એજન્સીઓમાં ખળભળાટ મચ્યો છે. અજાણ્યા શખ્સે ઈમેલ મારફતે આતંકી ધમકી આપી હોવાનું સામે આવ્યું છે. ધમકીભર્યા ઈમેલની શરૂઆતમાં 'અસલામુ વાલેકુમ, અલ્લાહુ અકબર' લખવામાં આવ્યું છે. આ ઈમેલ પ્રથમ પંજાબ પોલીસને મળ્યો હતો, ત્યારબાદ પંજાબના DGP દ્વારા ગુજરાત પોલીસને જાણ કરવામાં આવી હતી. ઈમેલમાં સોમનાથ મંદિર, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપની સેન્ટ્રલ ઓફિસ, પોલીસકર્મીઓ અને RAWને નિશાન બનાવવાનો ઉલ્લેખ છે. અલગ-અલગ સ્થળોએ અગાઉથી બોમ્બ ફિટ કરાયા હોવાનો પણ દાવો કરવામાં આવ્યો છે. ઈમેલમાં 'હિન્દુસ્તાન મુર્દાબાદ', 'ભાજપ મુર્દાબાદ', 'પાકિસ્તાન ઝિંદાબાદ' અને 'ખાલિસ્તાન ઝિંદાબાદ' જેવા નારા લખવામાં આવ્યા છે. ધમકી બાદ રાજ્યની સુરક્ષા એજન્સીઓ અને પોલીસ એલર્ટ થઈ ગઈ છે. અમદાવાદના ખાનપુર સ્થિત ભાજપ કાર્યાલય ખાતે પોલીસ, ફાયર બ્રિગેડ, બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડ દ્વારા તપાસ હાથ ધરાઈ હતી. શાહપુર પોલીસના PI પી. બી. ખાંભલાના જણાવ્યા મુજબ તપાસમાં કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નથી.

# મહિલા કોન્સ્ટેબલ જહાનવી ડાભીને માનસિક ત્રાસ આપનાર ચેતક કમાન્ડો પ્રેમીની ધરપકડ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના સેક્ટર-૩ડી વિસ્તારમાં શાહીબાગ પોલીસ હેડક્વાર્ટરની ૨૮ વર્ષીય મહિલા કોન્સ્ટેબલ જહાનવી ડાભીના આપઘાત કેસમાં પોલીસે મોટી કાર્યવાહી કરી છે. જહાનવીને માનસિક તથા શારીરિક ત્રાસ આપવા અને આપઘાતની દુષ્પ્રેરણા આપવાના આરોપસર તેના પરણિત પ્રેમી અને ચેતક કમાન્ડો પ્રકાશ ચૌહાણની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે પ્રકાશે જહાનવીની હિલચાલ પર નજર રાખવા તેના રૂમમાં ઓડિયો સુવિધા ધરાવતો વેબકેમ પણ લગાવ્યો હતો, જેનું એક્સેસ તેના મોબાઈલમાં હતું. લગ્નનો ઈનકાર કર્યા બાદ અને સોશિયલ મીડિયા પર બ્લોક કરી દેવાતા ક્ષુબ્ધ થયેલી જહાનવીએ આ અંતિમ પગલું ભર્યું હતું. પોલીસે ડિજિટલ પુરાવા કબજે કરી એફએસએલ (FSL) માં મોકલી વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદ એરપોર્ટ પર બેંગકોકથી આવેલા મુસાફર પાસેથી ૮.૯૧૩ કિલો ગાંજો ઝડપાયો






અમદાવાદ,તા.૨૧

સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગની એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU) દ્વારા મોટી કાર્યવાહી કરતાં બેંગકોકથી આવેલા એક મુસાફર પાસેથી ૮.૯૧૩ કિલોગ્રામ ગાંજો જપ્ત કરવામાં આવ્યો છે. શંકાના આધારે મુસાફરના ટ્રોલી બેગની તપાસ કરાતાં કપડાં વચ્ચે સંતાડેલા ૧૪ એરટાઈટ પેકેટ મળી આવ્યા હતા, જેમાં ગાંજો હોવાનું નિદાન થયું હતું. કસ્ટમ્સ વિભાગે નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (NDPS) એક્ટ હેઠળ ગુનો નોંધી મુસાફરની ધરપકડ કરી છે. આ જથ્થો બેંગકોકથી કોણે મોકલ્યો હતો અને અમદાવાદમાં તેની ડિલિવરી કોને આપવાની હતી તે અંગે તપાસ તેજ કરવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય ડ્રગ સ્મગલિંગ નેટવર્ક અને સ્થાનિક સપ્લાયર્સનો પર્દાફાશ કરવા કસ્ટમ્સ વિભાગ દ્વારા આરોપીની કડક પૂછપરછ ચાલી રહી છે.

# સુરતમાં વેન્ટિલેશન વગરના બાથરૂમમાં ગેસ ગીઝરના લીકેજથી સગીરાનું મોત



સુરત,તા.૨૧

સુરતના કતારગામ વિસ્તારમાં વેન્ટિલેશન વિનાના બાથરૂમમાં ગેસ ગીઝરનો ઉપયોગ જીવલેણ સાબિત થયો છે. ૧૫ વર્ષીય ધોરણ-૧૧ની વિદ્યાર્થિની પ્રિયમ જીગ્નેશભાઈ વરીયા નહાવા ગઈ ત્યારે ગેસ ગીઝરમાંથી નીકળેલા ઝેરી કાર્બન મોનોક્સાઈડ ગેસ અને ઓક્સિજનની અછતને કારણે ગૂંગળામણથી તેનું મોત થયું હતું.

સુરતમાં છેલ્લા ૭ મહિનામાં ગેસ ગીઝરથી ગૂંગળામણ થવાના કારણે આ પ્રકારની ઘટનાઓમાં કુલ ૪ લોકોના મોત નોંધાયા છે. નિષ્ણાતોએ બાથરૂમમાં ગીઝર મુકતી વખતે યોગ્ય વેન્ટિલેશન રાખવા અપીલ કરી છે.

# વટામણ-બગોદરા હાઈવે પર અજાણ્યા ટ્રકની અડફેટે ૮ પશુઓના મોત નિપજ્યા



અમદાવાદ,તા.૨૧

અમદાવાદ જિલ્લાના વટામણ-બગોદરા હાઈવે પર મેમર ગામ નજીક મોડી રાત્રે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. હાઈવે પરથી પસાર થઈ રહેલા પશુઓના ટોળા પર એક અજાણ્યા ટ્રક ચાલકે બેફામપણે વાહન હંકારી દેતાં ૮ પશુઓના ઘટનાસ્થળે જ કરૂણ મોત થયા હતા. અકસ્માત સર્જી ટ્રક ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

ઘટનાની જાણ થતાં જ જીવદયા પ્રેમીઓ અને સ્થાનિકો સ્થળ પર દોડી આવ્યા હતા. જેસીબીની મદદથી ખાડો ખોદી મૃત પશુઓનો યોગ્ય નિકાલ કરાયો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ હાઈવે પર ચોમાસા દરમિયાન રખડતા પશુઓ અકસ્માતનો ભોગ બનવાની ઘટનાઓ વધી છે. ચોમાસાની શરૂઆતથી અત્યાર સુધીમાં અહીં ૩૦થી વધુ પશુઓના મોત થયા છે અને ૨૫થી વધુ ઈજાગ્રસ્ત થયા છે. પશુપ્રેમીઓએ બેફામ દોડતા વાહનચાલકો સામે કડક કાર્યવાહી કરવા માંગ કરી છે.

# અમદાવાદના નરોડામાં દહેગામ રોડ પરથી રૂ.૧૫.૫૮ લાખનો વિદેશી દારૂ ઝડપાયો



અમદાવાદ,તા.૨૧

સ્ટેટ મોનિટરિંગ સેલ (જીસ્ઝ)ની ટીમે અમદાવાદના નરોડા વિસ્તારમાં હંસપુરા ઓવરબ્રિજ પાસેથી વિદેશી દારૂની મોટી હેરાફેરી ઝડપી પાડી છે. બાતમીના આધારે પોલીસે ખોટી નંબર પ્લેટ ધરાવતી કાળા રંગની સ્કોર્પિયો કારમાંથી રૂ.૧૫.૫૮ લાખની કિંમતની ૫૦૩૦ બોટલ વિદેશી દારૂ જપ્ત કર્યો છે. પોલીસે કાર સહિત કુલ રૂ.૩૦.૫૮ લાખનો મુદ્દામાલ કબજે કરી નરોડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધ્યો છે.

ઘટનાસ્થળેથી કાર ચાલક જિતેન્દ્ર ઉર્ફે જીતુ ડામોર (રહે. રાજસ્થાન)ની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે તેના અન્ય સાગરીતો પોલીસને જોઈને ફરાર થઈ ગયા હતા. પૂછપરછ દરમિયાન સામે આવ્યું કે, રાજસ્થાનથી અમદાવાદ દારૂ ઘૂસાડવા માટે તે રૂ.૫૦૦૦ના ભાડા પર આવ્યો હતો. પોલીસે દારૂ મંગાવનાર મુખ્ય સૂત્રધાર સહિત અન્ય વોન્ટેડ આરોપીઓની શોધખોળ અને વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના ક્ષત્રિય અગ્રણી પદ્મિનીબા વાળા સહિત ૪ સામે મહિલા પોલીસકર્મીએ નોંધાવી ફરિયાદ



રાજકોટ,તા.૨૧

રાજકોટના જાણીતા ક્ષત્રિય મહિલા અગ્રણી પદ્મિનીબા વાળા અને અન્ય ચાર અજાણ્યા શખ્સો સામે સરકારી ફરજમાં રૂકાવટ કરવા બદલ પોલીસ ફરિયાદ નોંધાઈ છે. સાંઢીયા પુલ પાસે ટ્રાફિક સુરક્ષા અર્થે મૂકેલા બેરિકેટ ખોલવા બાબતે પદ્મિનીબા અને તેમની સાથેના લોકોની ફરજ પર તૈનાત મહિલા ટ્રાફિક પોલીસ કર્મચારી સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

બેરિકેટ ખોલવાની ના પાડતાં આ લોકોએ રસ્તા વચ્ચે જ વાહનો ઊભા રાખી દઈ ટ્રાફિક ખોરવ્યો હતો અને મહિલા પોલીસની સૂચના છતાં ઉધ્ધતાઈભર્યું વર્તન કર્યું હતું. આ અંગે મહિલા ટ્રાફિક પોલીસકર્મી સરોજબેન સોલંકીની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગર મહાનગરપાલિકા ચૂંટણીનું સત્તાવાર જાહેરનામું પ્રસિધ્ધ કરાયું

ગાંધીનગર,તા.૨૧

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી માટે વહીવટી તંત્ર દ્વારા આજે સત્તાવાર જાહેરનામું પ્રસિધ્ધ કરાતાં જ ચૂંટણી પ્રક્રિયાનો વિધિવત પ્રારંભ થયો છે. જાહેરનામું બહાર પડતાં જ મનપાના ૧૧ વોર્ડની કુલ ૪૪ બેઠકો માટે ઉમેદવારી પત્રો ભરવાની શરૂઆત થઈ ગઈ છે. ઉમેદવારો આગામી ૨૬ સપ્ટેમ્બર સુધી કલેક્ટર અને જિલ્લા પંચાયત કચેરી ખાતે ફોર્મ ભરી શકશે. ૨૮ સપ્ટેમ્બરે ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરાશે, જ્યારે ૨૯ સપ્ટેમ્બર સુધી ફોર્મ પરત ખેંચી શકાશે. શહેરમાં શાંતિપૂર્ણ રીતે મતદાન થાય તે માટે ૨૮૫ મતદાન કેન્દ્રો ઊભા કરવામાં આવ્યા છે. વિશેષ વાત એ છે કે, નવરાત્રીના પ્રથમ નોરતે મતદાન અને ત્રીજા નોરતે મતગણતરી હાથ ધરી પરિણામો જાહેર કરવામાં આવશે.

# આણંદમાં નોકરીની લાલચ આપી રૂ.૭.૭૦ લાખ પડાવનાર નકલી ડેપ્યુટી કલેક્ટર ઝડપાયો



આણંદ,તા.૨૧

આણંદ શહેરમાંથી નકલી અધિકારી બની લોકો સાથે છેતરપિંડી આચરવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આરોપી રોનક ક્રિશ્ચિયને પોતે IAS અધિકારી અને ડેપ્યુટી કલેક્ટર હોવાની ઓળખ આપી એક યુવકને મહેસૂલ વિભાગમાં નાયબ મામલતદારની નોકરી અપાવવાની લાલચ આપી હતી.

યુવકને વિશ્વાસમાં લેવા તેણે નકલી આઈકાર્ડ પણ બતાવ્યું હતું અને અલગ-અલગ બહાના હેઠળ રૂ.૭.૭૦ લાખ પડાવી લીધા હતા. લાંબો સમય થવા છતાં નોકરી ન મળતાં ભોગ બનનારે આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ટેકનિકલ સર્વેલન્સના આધારે નકલી ડેપ્યુટી કલેક્ટર રોનક ક્રિશ્ચિયનની ધરપકડ કરી નકલી આઈકાર્ડ અને દસ્તાવેજો કબજે કર્યા છે. કોર્ટે આરોપીના બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.







